મે ૨૦૨૪

# દાદાવાણી

છૂટક પ્રતના ₹ ૨૦



આ સોનાની દાબડી મહીં મૂકેલો હીરો એક ફેરો ખોલીને હું બતાડી દઉં.
પછી દાબડી વાસી દઉં, તેથી કરીને એમાંથી કંઈ હીરો જતો રહ્યો નથી.
આપણા લક્ષમાં રહે કે એમાં હીરો જ છે. કારણ કે આપણે તેને જોયો હતો.
અમે જ્ઞાન આપીએ તે ઘડીએ તમારા મન-બુદ્ધિ-ચિત્ત ને અહંકાર બધાએ એક્સેપ્ટ કરેલું છે,
કે મહીં 'પોતે' શુદ્ધાત્મા જ છે. ત્યાર પછી શંકા ઊભી થતી જ નથી.



## અડાલજ : કોર્ડીનેટર શિબિર : તા. ૧ થી ૩ માર્ચ ૨૦૨૪



## અડાલજ : પૂજ્યશ્રીનો ૫૪મો જ્ઞાન દિવસ : તા. ૬ માર્ચ ૨૦૨૪



જિનમંદિરે દર્શન

પૂજ્ય નીરુમાની સમાધિએ દર્શન

મહાત્માઓના આશીર્વાદ લેતા પૂજ્યશ્રી

પૂજ્યશ્રીને શુભેચ્છા પાઠવતા મુખ્યમંત્રીશ્રી

પૂજ્યશ્રીને હાર પહેરાવતા આપ્તપુત્રો

## ભાદરણ : અપરિણીત ભાઈઓની શિબિર : તા. ૭ થી ૧૧ માર્ચ ૨૦૨૪



સત્સંગ

નાટક

ગરબા

પ્રભાત ફેરી

ભદ્રકાળી મંદિરે દર્શન

વર્ષ : ૨૯, અંક : ૯
સળંગ અંક : ૩૪૫
**મે ૨૦૨૪**
પાનાં : ૨૮

**Editor : Dimple Mehta**
© 2024
Dada Bhagwan Foundation.
All Rights Reserved.

**Printed by & Published by**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421
**Owned by & Published at**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421
**Printed at**
**Amba Multiprint**
Opp. H B Kapadiya New High School, At- Chhatral, Tal: Kalol, Dist. Gandhinagar–382729.

**સંપર્ક સૂત્ર :**
**અડાલજ ત્રિમંદિર**, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
**ફોન :** 9328661166-77
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
**દાદાવાણી અંગે ફરિયાદ માટે**
ફોન / વોટ્સએપ : 8155007500

**લવાજમ (ગુજરાતી)**
**૫ વર્ષ**
**ભારત :** ૧૦૦૦ રૂપિયા
**વાર્ષિક સભ્ય**
**ભારત :** ૨૦૦ રૂપિયા
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## અક્રમ વિજ્ઞાન થકી અનુભવ્યો નિઃશંક આત્મા

### સંપાદકીય

અક્રમ વિજ્ઞાની દાદા ભગવાન (દાદાશ્રી)ની કૃપાથી જ્ઞાનવિધિમાં અહંકારની રોંગ બિલીફ ફ્રેક્ચર થતા રાઈટ બિલીફ બેસે છે. 'હું ચંદુ નથી, હું શુદ્ધાત્મા છું'ની સંપૂર્ણ પ્રતીતિ થઈ છે પણ સંપૂર્ણ અનુભવ અને જ્ઞાન નિરંતર નથી રહેતું. એટલે જ્યારે વ્યવહારમાં કષાય ઊભા થાય ત્યારે ભોગવટા સાથે પોતાના શુદ્ધાત્મા સ્વરૂપ માટેની શંકાઓ ઊભી થાય છે, જેમ કે 'હું ચંદુ છું ! મારાથી આવું થયું ? હું આત્મા છું કે શુદ્ધાત્મા છું ? શું મારું જ્ઞાન બધું જતું રહ્યું છે ?'

'અક્રમ વિજ્ઞાન' તો 'સાયન્ટિફિક' છે, એક્ઝેક્ટ છે ! 'હું શુદ્ધાત્મા છું' અને 'વ્યવસ્થિત કરે છે' એ સમજણ મળતા કર્મ 'ચાર્જ' થવાના બંધ થાય છે. એ પછી ચંદુભાઈથી જે કંઈ સારું-ખોટું થાય છે એ બધું 'ડિસ્ચાર્જ', પરપરિણામમાં છે, તેમાં વીતરાગતા રાખવાની છે. દાદાશ્રી કહે છે કે ડિસ્ચાર્જ વખતે 'હું શુદ્ધાત્મા છું' એ લક્ષ ના ચૂકીશ. આખો સંસારકાળ પૂરો થવા છતાં 'હું અશુદ્ધ છું' એવી શંકા કરીશ નહીં. તું શુદ્ધ જ છે એટલે 'શુદ્ધાત્મા' કહ્યું. 'હું શુદ્ધાત્મા છું' એનું લક્ષ એ કેવળ દર્શન છે, એ જ નિઃશંક પદ છે, તેને ભગવાને 'ક્ષાયક સમકિત' કહ્યું. હવે 'દાદા'ની પાંચ આજ્ઞા પાળીને વ્યવહારમાં ઊભી થતી ડિસ્ચાર્જ આકુળતા-વ્યાકુળતા સામે શુદ્ધાત્માની જાગૃતિ રાખી આત્માની નિરાકુળ દશા અનુભવાય.

દાદાશ્રી કહે છે કે મેં તમને જે શુદ્ધાત્મા આપ્યો છે એ કેવો છે ? વીતરાગોએ જોયો-જાણ્યો ને અનુભવ્યો છે, જે કેવળજ્ઞાન સ્વરૂપ છે, મન-વચન-કાયાની તમામ સંગી ક્રિયાઓથી તદ્દન અસંગ છે. બિલકુલ નિરાળો નિઃશંક આત્મા આપ્યો છે. તીર્થંકરોને ધન્ય છે કે એમની શું ઊંડી શોધખોળ છે ! દેહમાં સાથે હોવા છતાં સાવ છૂટો આત્મા ખોળી કાઢવો, તે મોટી અજાયબી જ કહેવાય ને ! તીર્થંકરોએ જે પરમાત્મા જાણ્યો છે, તે સાવ છૂટો આત્મા મેં જોયો. ક્યારેય પણ શંકા ઉત્પન્ન ના થાય એવો આત્મા આપેલો છે. એટલે 'આવો હશે કે તેવો હશે' એવી ભાંજગડ જ મટી ગઈ ને ! આ તો 'અક્રમ વિજ્ઞાન' છે, એટલે શુદ્ધ આત્મા જ ચોખ્ખો પ્રાપ્ત થઈ જાય છે એવું આ અવિરોધાભાસ, વીતરાગી વિજ્ઞાન છે !

કૃપાળુદેવ કહે છે કે આત્મા સંબંધમાં નિઃશંકતા ઉત્પન્ન થઈ, તો 'વર્લ્ડ'માં કોઈ શક્તિ એને ભયભીત કરી શકે નહીં. નિઃશંકતાથી નિર્ભય થાય, નિઃસંગ-અસંગ થાય છે અને તેથી વીતરાગતા થાય છે. આથી વધારે શું જોઈએ ? જગતમાં એક માણસ નિઃશંક ખોળવો એ મહા મહા વસમી વસ્તુ છે. આ જગતને નિઃશંકપણે જાણો, કોઈ જગ્યાએ શંકા પડવી જ ના જોઈએ. જેણે નિઃશંકપણે આખુંય જગત જાણ્યું છે, એવા જ્ઞાનીની પૂંઠે પૂંઠે વહીને આપણે પણ એવો નિઃશંક આત્મા અનુભવીએ એ જ હૃદયપૂર્વક અભ્યર્થના.

**જય સચ્ચિદાનંદ.**

# અક્રમ વિજ્ઞાન થકી અનુભવ્યો નિ:શંક આત્મા

## અક્રમે આપ્યું અપૂર્વ શુદ્ધ ભાન

**પ્રશ્નકર્તા :** અમે જ્યારે જ્યારે અમારા વ્યવહારમાં ને વર્તનમાં આવીએ છીએ ત્યારે, 'હું શુદ્ધાત્મા છું' કે 'ચંદુલાલ છું' એની કંઈ જ સમજ પડતી નથી. રિયલ-રિલેટિવમાં ગૂંચવાડા થઈ જાય છે.

**દાદાશ્રી :** એ સમજી લેવાની જરૂર છે. 'તમે' ચંદુલાલેય છો ને 'તમે' 'શુદ્ધાત્મા'ય છો. 'બાય રિલેટિવ વ્યુ પોઈન્ટ'થી તમે 'ચંદુલાલ' ને 'બાય રિયલ વ્યુ પોઈન્ટ'થી તમે 'શુદ્ધાત્મા' છો. 'રિલેટિવ' બધું વિનાશી છે. વિનાશી ભાગમાં તમે ચંદુલાલ છો. વિનાશી વ્યવહાર બધો ચંદુલાલનો છે અને અવિનાશી તમારો છે. હવે 'જ્ઞાન' પછી અવિનાશીમાં તમારી જાગૃતિ હોય. જ્યાં જાગૃતિ પહોંચી એ જ આત્મા નજીક પહોંચ્યા.

અક્રમ વિજ્ઞાન એટલે શું ? આત્મા અને અનાત્માનું વિવરણ થઈ બેઉ જુદા પડી જાય છે. એક આત્મ વિભાગ, એ પોતાનું ક્ષેત્ર છે અને એક અનાત્મ વિભાગ, એ પરક્ષેત્ર છે. એ બે ભાગ જ્યાં સુધી જગત જાણતું નથી, ત્યાં સુધી 'હું ચંદુભાઈ છું' બોલ્યા કરે છે. તે સાપેક્ષ આધારી છે. 'હું ચંદુભાઈ છું' કહીએ તો તે ઊભો રહે. 'હું શુદ્ધાત્મા છું' એવું ભાન થાય, તો 'તમે' આધાર આપવાનું છોડી દો, એટલે તે પડી જ જાય.

'હું ચંદુભાઈ છું' એ વિનાશી છે, તેને 'પોતાની જાત' માની બેઠા છો. તમે 'પોતે' તો સનાતન છો, પણ એ ભાન ઉત્પન્ન થતું નથી. એ ભાન થાય કે થયો મુક્ત ! 'હું કોણ છું' એનું ભાન જ નથી. 'પોતે' 'પોતાથી' ગુપ્ત રહેવાનો પ્રયત્ન કરે છે. પારકું જાણે બધું ! પોતે પોતાથી ગુપ્ત રહે છે એ અજાયબી જ છે ને ! પોતે પોતાથી ગુપ્ત કેટલો વખત રહેશો ? ક્યાં સુધી રહેશો ? 'પોતે કોણ છે' એ જાણવા માટે જ આ અવતાર છે.

## વહેમ પાડવા જેવો 'અહંકાર' પર જ

બાકી 'પોતે કોણ છે' એના પર જ જો કોઈને શંકા પડતી નથી ને ! મહાન મહાન આચાર્યોને-સાધુઓને પણ પોતે જે નામ છે, તેની પર શંકા પડી નથી કોઈ દહાડો ! જો શંકા પડે તોય આપણે જાણીએ કે સમ્યક્ દર્શન થવાની તૈયારી થઈ રહી છે. એ શંકા જ પડતી નથી ને, પહેલી ! ઊલટા એને જ સજ્જડ કરે છે અને આ બધું ક્રોધ-માન-માયા-લોભ તેને લીધે છે.

કોઈ દહાડો આ અહંકાર ઉપર વહેમ નથી પડ્યો. બધી વસ્તુ ઉપર વહેમ પડ્યો છે પણ અહંકાર ઉપર વહેમ નથી પડ્યો. 'આ ચંદુભાઈ તે હું છું' એની ઉપર વહેમ પડ્યો એટલે અહંકાર ઉપર વહેમ પડ્યો કહેવાય.

એટલે અહીં જો શંકા પડે તો ક્રોધ-માન-માયા-લોભ બધું જતું રહે. પણ આ શંકા પડે નહીં ને ! કેવી રીતે પડે ? કોણ પાડી આપે આ ? ભવોભવથી નિ:શંક થયેલો એ બાબતમાં, પોતાને શંકા પડે એવું કોણ કરી આપે ? જે ભવમાં ગયો ત્યાં આગળ જે નામ પડ્યું, ત્યાં એને જ સત્ય માન્યું. શંકા જ પડતી નથી ને ! કેટલી બધી મુશ્કેલી છે ! અને તેને લઈને આ ક્રોધ-માન-માયા-લોભ ઊભા રહ્યા છે ને ! તમે જો 'શુદ્ધાત્મા' છો તો ક્રોધ-માન-માયા-લોભની જરૂર નથી અને તમે જો 'ચંદુભાઈ' છો તો ક્રોધ-માન-માયા-લોભની જરૂર છે. આખા શાસ્ત્રોનું 'સોલ્યુશન' (ઉકેલ) અહીં આગળ આ એકલું જ જાણવામાં થઈ જાય ! પણ તે આત્મજ્ઞાન જાણવું કેવી રીતે ? આત્મજ્ઞાન જાણ્યા પછી કશું જાણવાનું બાકી નથી રહેતું.

## આત્મા સંબંધી નિઃશંકતા ?

હવે ભગવાને આત્મા સંબંધી શંકા કોઈને જાય નહીં, એમ કહ્યું. કૃષ્ણ ભગવાનને એ શંકા ગઈ હતી. બાકી, આત્મા સંબંધી શંકા, કે 'આત્મા આવો હશે કે તેવો હશે, ફલાણો હશે કે તેવો હશે, આમ હશે કે તેમ હશે ? થોડો ઘણો તો એ કર્તા હશે ને ? અમુક બાબતમાં એ કર્તા હશે જ ને ?' એવી શંકા પાછી રહ્યા કરે. નહીં તો કહે, 'કર્તા વગર તો કેમ ચાલે આ ગાડું ?' અલ્યા, તને ના ખબર પડે. એ તો 'જ્ઞાની પુરુષ' જ જાણે કે આ શી રીતે ચાલી રહ્યું છે ! હવે એ આત્મા 'જ્ઞાની'એ જાણ્યો તેવો હોય, આ પુસ્તકમાં લખેલો તેવો ના હોય. પુસ્તકમાં આત્મા સંબંધી વાત જ નથી કોઈ.

એટલે આત્મા સંબંધી શંકા રહિત કોઈ થયેલો જ નહીં. આ તો કહે, 'આટલી ભાવના તો આત્માની હોવી જ જોઈએ ને !' હવે એ જેને આત્મા માની રહ્યા છે, તેને હું 'નિશ્ચેતન ચેતન' કહું છું. હવે ત્યાં આગળ આત્મા શી રીતે પ્રાપ્ત થાય ? શંકા જ રહે ને, પછી !

જગત બધું આત્માની શંકામાં જ પડેલું છે. લોક મને પૂછે છે કે 'આ ક્રોધ-માન-માયા-લોભ તો આત્મા વગર કોઈ કરે જ નહીં ને ?' મેં કહ્યું, 'નિરાંત થઈ ગઈ ત્યારે (!)' ત્યારે કહે છે, 'પણ જડ તો કરે જ નહીં ને ?' મેં કહ્યું, 'આ જડ કરે નહીં. પણ ચેતનેય શી રીતે કરે ? જે જેનામાં ગુણધર્મ નથી, એ શી રીતે કરે ?' એવું છે ને, આ વ્યતિરેક ગુણો છે, એની એને ખબર ના હોય ને, કે બે વસ્તુ સાથે હોય તો તીસરો વ્યતિરેક ગુણ ઉત્પન્ન થાય, પોતાના ગુણધર્મ છોડે નહીં અને નવો ગુણ ઉત્પન્ન થાય. પણ એ 'જ્ઞાની' સિવાય સમજાય શી રીતે ?

## આમ મનુષ્યપણું ના ગુમાવાય

હવે 'આત્મા આવો હશે કે તેવો હશે, આમ હશે કે તેમ હશે' એ વિચારણામાં કોઈક આવ્યો હોય, તેને ભગવાને 'સમ્યક્ત્વ મોહનીય' કહ્યું. આવી વિચારણામાં જ હજુ આવ્યા નથી. આ મોહનીય પણ જાગી નથી. આ તો અત્યારે મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય જ છે હજુ. સમ્યક્ત્વ મોહનીય જાગી હોત તો ભગવાન એને 'મહાન અધિપતિ' કહેત. આ તો એક 'પ્લોટ' (જમીન) હોય કે એક મકાન હોય ને આટલું અધિપતિ હોય, એમાં તો પોતાની જાતને શુંય ધન્ય માનીને પેટ ઉપર હાથ ફેરવે ને 'હોઈયાં' કરીને સૂઈ જાય છે !

અલ્યા, શું જોઈને સૂઈ જાય છે ? અનંત અવતારો આવા 'હોઈયાં' કરીને સૂઈ ગયો ! શરમ નથી આવતી ? પાછો પેટ ઉપર હાથ ફેરવીને 'હોઈયાં' કહે છે. અલ્યા, શું જોઈને ઊંઘી જાય છે ? ઊંઘવા જેવું આ જગત છે ? મનુષ્યપણું મળ્યું, ને ઊંઘાતું હશે ? મનુષ્યપણું મળ્યું, સારો જોગ મળ્યો, ઊંચા ધર્મપુસ્તકો વાંચવાનો યોગ મળ્યો, ઊંચી આરાધના મળી, વીતરાગના દર્શન થયા, ને તું 'હોઈયાં' કરીને સૂઈ જાય છે ?

ને પાછી 'બેડરૂમો' કરી છે ! અલ્યા, 'બેડરૂમ' ના કરાય. એ તો એક રૂમ હોય તે બધા ભેગા સૂઈ રહેવાનું ને પેલી તો સંસારી જંજાળ ! આ તો 'બેડરૂમ' કરીને આખી રાત સંસારની જંજાળમાં પડ્યો હોય. તે આત્માની વાત તો ક્યાંથી યાદ આવે ? 'બેડરૂમ'માં આત્માની વાત યાદ આવતી હશે ?

મેં એક જણને પૂછ્યું, 'શું જોઈને સૂઈ જાવ છો ?' ત્યારે એ કહે છે, 'સાડા દશ વાગ્યા, તે હવે ના ઊંઘી જઉં ?' 'અલ્યા, આ કંઈ કમાયા વગર સૂઈ ગયા ? આજ શું કમાયા એ કહો મને.' ત્યારે એ કહે, 'હું તો કંઈક કરું છું. પેલા કશું નથી કરતા !' પેલાને પૂછ્યું, ત્યારે એય એવું

કહે, કે 'એ નથી કરતા, આ નથી કરતો.' બધા આવું બોલે છે !

**પ્રશ્નકર્તા :** હા, એવો હિસાબ ગણે છે, પોતાના હિસાબ ગણવાને બદલે.

**દાદાશ્રી :** આ તો બધી પોલ મારી છે ! એટલે જગત આખુંય શંકામાં છે, અપવાદ સિવાય. કારણ કે આત્મા શું છે, એમાં શંકા ના જાય. એવો સંદેહ રહ્યા કરે, કે 'આત્મા આમ હશે કે તેમ હશે, આમ હશે કે તેમ હશે !' એ સંદેહ રહ્યા કરે એટલે પછી જગતમાં બીજી જાતજાતની શંકાઓ ઊભી થાય.

## અક્રમની બલિહારી, 'ક્ષાયક સમકિત'ની પ્રાપ્તિ

આત્મા પ્રાપ્ત થયો એટલે મોહનીયકર્મ ઊડી ગયું. મોહનીય ક્યાં સુધી ? 'હું ચંદુભાઈ છું' ત્યાં સુધી. પછી 'હું શુદ્ધાત્મા છું' એટલે મોહનીય નહીં. શુદ્ધાત્મા પણ લક્ષરૂપે હોવું જોઈએ. એ મોઢે બોલવાથી કશું દહાડો વળે નહીં. અને હવે આ જ્ઞાનથી મોહનીય ઊડ્યું. મોહનીય એ જ અંતરાયનું કારણ છે. એ પોતે આત્માથી છૂટો પડ્યો, અંતરો પડ્યો, ત્યારથી બધા અંતરાય જ કહો ને ! પોતાના સ્વરૂપના અંતરાય પડ્યા ત્યારથી બધા અંતરાય જ પડ પડ કર્યા કરે.

હવે પેલું દર્શન મોહનીય એ તો સ્થૂળ વસ્તુ છે. દર્શન મોહનીયને મિથ્યાત્વ કહેવાય છે. મોહનીય, અંતરાય, જ્ઞાનાવરણ ને દર્શનાવરણ - એ ચારની પ્રબળતા, એનું નામ મિથ્યાત્વ. મિથ્યાત્વથી આગળ વધે એટલે ત્રણ પિસીસ (ભાગ) થઈ જાય. સમકિત પ્રાપ્ત થાય નહીં, તે પહેલા આગળ વધ્યાનું ફળ, ત્રણ પિસીસ થઈ જાય. મિથ્યાત્વ મોહ થાય, મિશ્ર મોહ થાય અને સમ્યક્ત્વ મોહ થાય. આ મોહનીયના ત્રણ ટુકડા થાય છે. હવે મિથ્યાત્વ મોહ વખતે મંદ પડે, ત્યારે મિશ્ર મોહનીયમાં આવે. આય ખરું ને તેય ખરું. મોક્ષે જવાનો રસ્તો, આ બધા ભગવાનના મંદિરો-બંદિરો બધો જે માર્ગ છે ને, તેય ખરું ને આ સંસારનુંય ખરું. શાસ્ત્રોય ખરા ને આપણું ઘર, બૈરી-છોકરાં, ધંધોય ખરું. બન્ને જગ્યાએ મોહના પરિણામ.

એ મિથ્યાત્વ મોહનીય ને મિશ્ર મોહનીય જાય ત્યાર પછી એને સમકિત થાય. ક્રોધ-માન-માયા-લોભ ચારેય જાય ત્યારે એને સમકિત થાય. ઉપશમ સમકિત થાય અને ઉપશમ સમકિત એટલે અર્ધ પુદ્ગલ પરાવર્તન કાળ સુધી ભટક ભટક કરે. ત્યાર પછી ઘણા વખત પછી ક્ષયોપક્ષમમાં પેસી જાય. એ ઉપશમ થયેલું તે ક્ષયોપક્ષમનું ક્ષાયક થતા થતા તો અર્ધ પુદ્ગલ પરાવર્તન એટલે તો બહુ કાળ ભટકામણ થઈ જાય. ક્ષાયક ક્યારે થાય કે સમ્યક્ત્વ મોહનીય જાય ત્યારે. સમ્યક્ત્વ મોહનીયને તો હિન્દુસ્તાનમાં એક પણ માણસ એવો નથી કે જેને સમ્યક્ત્વ મોહનીય હોય. એ હોય તો તો બહુ સરસ કામ નીકળી જાત. સમ્યક્ત્વ મોહનીય એટલે બીજી કોઈ ચીજ એને સાંભરે નહીં. આત્મા કેવો હશે, આત્મા શું હશે, કેમ કરીને જણાય, કેમ કરીને મલે, આત્માને જાણવા માટેનો જ બધો મોહ ! એવા કોણ છે અહીં આગળ ? આખો દહાડોય, કોઈ બીજું પરિણામ જ નહીં. નિરંતર તેમાં ને તેમાં જ. આત્મા કેવો હશે ને કેવો નહીં, એને કેવી રીતે જણાય, ને બધું એના જ ઘાટમાં ને ઘાટમાં રહે એવા કેટલા માણસો હશે ? આ લોકોને તો કલાક નથી રહેતું, તો આ તો નિરંતર રહેવાનું છે, નિરંતર !

અને જેને આત્મા 'આ' છે એવું નક્કી થયું અને શંકા ઉત્પન્ન થઈ નહીં, એટલે સમ્યક્ત્વ મોહ ઊડી ગયો, એને 'ક્ષાયક સમકિત' થયું. એટલે આપણે આ સમ્યક્ત્વ મોહ ઊડી જાય છે. આત્મા આ છે એ નક્કી થાય છે નિઃશંક ભાવે,

શંકા જરાય નથી રહેતી. આ દાદાજી કહે છે, તે જ આત્મા છે ને આપણો આત્મા પ્રગટ થઈ ગયો. પછી શંકાને કોઈ સ્થાન રહેતું નથી. નહીં તો આ જગતમાં કોઈને સંદેહ ગયેલો નહીં.

આ તો સંદેહ ગયો, શંકા ગઈ, બધું ગયું અને આત્મા હાજર થઈ ગયો, પછી બીજું શું જોઈએ ? પ્રગટ ચૈતન્ય હાજર થયું. આપણે યાદ ના કરીએ તો એની મેળે આવે. પછી શું જોઈએ ? જે દહાડે જ્ઞાન મળે છે તે પહેલી રાત એ આનંદ હજુ સાંભરે ને ? ત્યાં પેલા ડિસ્ચાર્જ તરત નથી નીકળતા ને ? પછી ડિસ્ચાર્જનો ઉદય આવ્યો, કે ડિસ્ચાર્જ ભેગું થયું પછી તે ગૂંચાયા કરે પાછો. એટલે એ પદ તો જોયું છે ને ? એટલે પહેલા કલાકમાં છે ને, જીતેન્દ્રિય જીન થઈ ગયો. પછીના કલાકમાં છે તે જીતમોહ જીન થાય છે. એ મોહ ક્ષય ના થાય જ્યાં સુધી આ જીતમોહ જીન, પછી ક્ષીણમોહ જીન થાય.

જ્યાં રોકડું છે, જ્યાં પોતે જ હાજર થઈ ગયો, આત્મા હાજર થઈ ગયો, આ જગતમાં કોઈ એવી ચીજ નથી કે એ નિરંતર હાજર રહે.

તીર્થંકરોએ બરોબર પુરાવા આપ્યા છે ને ! તમારા અનુભવમાં આવે છે હું કહું છું એ પ્રમાણે ? જ્ઞાનાવરણ, દર્શનાવરણ કેવું પદ્ધતસર, સીડીબંધ કહ્યું છે ! આનું કારણ શું ? બધાનું મૂળ કારણ, આઠેય (દ્રવ્ય) કર્મનું મૂળ કારણ દર્શનાવરણ. તે આ મૂળ કારણ પહેલું છેદાય છે. એટલે દર્શનાવરણ તમારું આખું છૂટી ગયું.

**પ્રશ્નકર્તા :** દર્શન મોહનીય પહેલું તૂટ્યું કે દર્શનાવરણ પહેલા તૂટ્યું ?

**દાદાશ્રી :** એ મોહ ને એ આવરણ, બેઉ સાથે જ તૂટે. એટલે આઘુંપાછું નહીં, બન્ને સાથે ફ્રેક્ચર, એટ એ ટાઈમ બધું જ ફ્રેક્ચર, એક કલાકમાં.

દર્શનાવરણ બધું તૂટી ગયેલું હોય, પણ હવે શું થાય ? બીજા પેલા કર્મો આવે છે ને, તે ગૂંચવે એને. આ દર્શનનો લાભ ના લેવા દે. નહીં તો મારી પેઠ તમેય જોઈને બોલો પણ એ લાભ ના લેવા દે, બધા ગૂંચવે તે.

**પ્રશ્નકર્તા :** આ માલ બહુ ભરેલો લાગે છે હજી.

**દાદાશ્રી :** ભરેલો ને, તે તમને ગૂંચવે બધા. અમને સંયોગો બહુ હોય નહીં અને અમારા સંયોગો બધા જ્ઞેય સ્વરૂપે હોય. તે તમારેય જ્ઞેય સ્વરૂપે છે, પણ તમને જ્ઞેય રહેવા જ ના દે ને, આ બધા આવે વારાફરતી એટલે. કારણ કે અક્રમ છે ને !

આ તો અક્રમ જ્ઞાનની બલિહારી છે કે કંઈક ઉદય આવ્યો છે. આવી અજાયબી સાંભળેલી જ ના હોય ને ! એક અંશ દર્શનાવરણ ઘટવું બહુ મુશ્કેલ છે. આ કાળમાં ઊલટું વધ્યા જ કરતું હોય, ત્યાં ઘટવાનું હોય ક્યાંથી ? બે ટકા ઘટે ને ચાલીસ ટકા ઉત્પન્ન થાય.

## જ્ઞાની પુરુષના ચરણે છૂટે દર્શનમોહ

દર્શનમોહ તો એને કહેવાય કે જે સાચું નથી છતાં એને સાચું મનાવડાવે છે. જગત શું કહે છે ? 'નથી' તેને 'છે' મનાવડાવે. ના, પણ ત્યારે મૂઆ, નથી એવું કેમ કહેવાય, દેખાય છે ઊઘાડું ? પણ તમે ચંદુભાઈ સાચા નથી, ખરેખર તમે નથી છતાંય તમને મનાવડાવે, કે ના, તમે ચંદુભાઈ જ છો, એ દર્શનમોહ. પછી તમે પોતે દેહ નથી, છતાં આ દેહ તે હું જ છું, કહેશે.

**પ્રશ્નકર્તા :** એનું માલિકીપણું ધરાવે.

**દાદાશ્રી :** 'હું છું' આવ્યું એટલે માલિકી હોય જ, આનું નામ દર્શનમોહ. 'હું છું' છૂટે એટલે માલિકીપણું છૂટે. આ દર્શનમોહ છૂટે તો આ જગતમાં માણસ છૂટે, નહીં તો કોઈ દા'ડોય

મુક્તિ થાય નહીં. અમને ભેગા થાય, એને કહીએ કે ચંદુભાઈ, તમે ન્હોય. ત્યારે કહે, 'હું જ ચંદુભાઈ. આવું કેવું બોલો છો ?' 'અરે ભઈ, ન્હોય તમે ચંદુભાઈ. ચંદુભાઈ તો તમારું નામ છે આ.' 'ત્યારે એને શંકા પડે, કે વાત તો સાચી છે. નામ તો મારું ચંદુભાઈ, ત્યારે હું કોણ ?' એ ત્યાર પછી દાદા દેખાડે, ત્યારે પહેલો દર્શનમોહ છૂટે. આંધળા પાટા લઈને ફરતો હતો, તે હવે દેખતો થાય. તે દર્શનમોહ તૂટ્યો. પછી દેખાવા માંડ્યું. ત્યારે લોક કહે છે, 'કેમ આટલું બધું પહેર્યું છે તમે ? આટલો બધો મોહ ?' એ તમને નહીં ખબર પડે કે આ મોહ છે, પણ તે આ ચારિત્રમોહ છે. એટલે પહેલા જે મોહ ભાવ કરેલા, તેનું આ ફળ આવ્યું. આ ઈફેક્ટ છે, નોટ કૉઝ. કૉઝિઝ બંધ થઈ ગયા. જેના કૉઝ બંધ થઈ ગયા, એનો મોક્ષ થયો.

**પ્રશ્નકર્તા :** દાદા, પણ કઈ રીતે દર્શનમોહ છૂટે ?

**દાદાશ્રી :** બીજો કોઈ રસ્તો નહીં, જ્ઞાની પુરુષ છોડાવી આપે ત્યારે. 'જ્ઞાની'ના ચરણોમાં પડી રહ્યા સિવાય છૂટકો નથી. જગતનું દર્શન અનંત મોહનીયવાળું છે, ને તેમાંથી કોઈથી છટકી ના શકાય. દર્શનમોહ એટલે શું ? આમ બધું જુએ છે, તેને બદલે પાછલી બાજુ જુએ. એ દૃષ્ટિ ફેરવી આપે, જ્ઞાની પુરુષ. પોતાની મેળે ફરે નહીં. આ સંસાર દૃષ્ટિ છે અને પાછળ આત્મદૃષ્ટિ છે. તે આત્મા ભણી દૃષ્ટિ કરી આપે. પછી છે તે એને સમજાઈ જાય કે આ હું છું.

## પોતાની ઊંધી શ્રદ્ધા પર શંકા પાડે તે 'જ્ઞાની'

'હું ચંદુભાઈ છું' એ ઊંધી શ્રદ્ધા બેઠી છે, તે ઘણુંય ભૂલવા માગે તોય એ ભૂલાય ? એ તો રીતસર 'જ્ઞાની'ના આધારે એનો તાર કપાઈ જવો જોઈએ. સૂક્ષ્મ તારો, શ્રદ્ધાના તારો બેઠેલા હોય છે. એ 'રોંગ બિલીફો' તૂટે અને 'રાઈટ બિલીફ' બેસે તો કામ લાગે ! 'રાઈટ બિલીફ'ને 'સમ્યક્ દર્શન' કહ્યું. 'રોંગ બિલીફ'ને 'મિથ્યાત્વ' કહ્યું.

'હું કોણ છું' એ જ્ઞાનનો વહેમ પડી ગયો કે ખરેખર 'હું આ ન હોય.' અત્યાર સુધી જાણેલા જ્ઞાન પર વહેમ પડે, ત્યારથી જ અમે જાણીએ કે જ્ઞાન તૂટી જવાનું થયું ! જે જ્ઞાનમાં શંકા પડે એ જ્ઞાન ઊડી જાય. સાચા જ્ઞાન ઉપર કોઈ દિવસ શંકા ના પડે. એટલે સામી શંકા પડે એવું જ્ઞાન હોવું જોઈએ ને ? વખતે આવરણને લીધે સમજણ ના પડે, તો એ વાત જુદી છે. બાકી, સાચા જ્ઞાન ઉપર શંકા ના પડે. કારણ કે મહીં શરીરમાં આત્મા છે ને !

એક જણ તો મને એવું કહેવા માંડ્યા, 'દાદા, મને કોઈ દહાડો મારી જાત ઉપર શંકા નથી પડી, આજ મને શંકા પડી ગઈ.' મેં કહ્યું, 'હું ચંદુભાઈ છું, એ તમારા જ્ઞાન ઉપર ખરેખર વહેમ પડ્યો ને ?' વહેમ એટલે 'ક્રેક' પડી ગઈ બધી. એટલે 'હું ચંદુભાઈ છું' એ જ્ઞાન ઉપરેય 'ક્રેક' પડવી જોઈએ ને ? શંકા પડવી જોઈએ ને ? અને સાચા જ્ઞાનમાં નિઃશંક રહેવાનું છે. આ તો જૂઠા જ્ઞાનમાં નિઃશંક રહ્યા, શંકા રહિત રહ્યા !

## જ્યાં શંકા કરવાની ત્યાં જગ નિઃશંક

અને શંકા કરવાની એક જ જગ્યા છે કે હું ખરેખર 'ચંદુભાઈ' છું ? એટલી જ શંકા કર કર કર્યા કરવાની છે. તે આપઘાત નથી.

**પ્રશ્નકર્તા :** 'હું ચંદુભાઈ છું' એ વાત ઉપર જ શંકા પડે...

**દાદાશ્રી :** તો તો કામ જ થઈ જાય ! એ શંકા તો કોઈને પડતી જ નથી ને ! હું પૂછ પૂછ કરું છું તોયે શંકા નથી પડતી. 'હું ચંદુ જ છું, હું ચંદુ જ છું' કહે. એ શંકા પડતી જ નથી, નહીં ?

પછી હું હલાવ હલાવ કરું ત્યારે વળી શંકા

પડે, ને પછી વિચાર કરે કે 'આ દાદા કહે છે એય ખરું છે, વાતમાં કંઈક તથ્ય છે !' બાકી, એની મેળે, પોતાની મેળે શંકા કોઈનેય ના પડે.

**પ્રશ્નકર્તા :** એ શંકા પડે તો આગળ જાય ?

**દાદાશ્રી :** ના, એમ નહીં. એ શંકા એને માટે જ શબ્દ છે. 'હું ખરેખર ચંદુભાઈ છું ?' એ શંકા 'હેલ્પ' કરે છે. બીજી બધી શંકા તો આપઘાત કરાવડાવે. 'હું ખરેખર ચંદુભાઈ હોઈશ ? અને આ બધા કહે છે કે આમનો છોકરો છું, એ ખરેખર હોઈશ ?' એ શંકા પડી તો કામનું !

## માલિકીપણું નહીં, ત્યાં ગુનો નહીં

હવે 'હું ચંદુભાઈ છું' એ જ્ઞાન ઉપર તો તમને શંકા પડી ગઈ ને કે શંકા નથી પડી ?

**પ્રશ્નકર્તા :** શંકા પડી છે. એટલે હું આત્મારૂપ છું અને ચંદુભાઈ એ પરસત્તા છે, પાડોશી છે.

**દાદાશ્રી :** હા, ચંદુભાઈ એ પાડોશી છે. હવે એક 'પ્લોટ' હોય, તે જ્યાં સુધી તે બે ભાઈઓનો ભેગો હોય તો ત્યાં સુધી આખા 'પ્લોટ'માં જે કંઈ થાય તે બન્નેને નુકસાન કહેવાય. પણ પછી બન્નેએ વહેંચણ કરી નાખ્યું હોય કે આ બાજુ ચંદુભાઈનું અને આ બાજુ બીજા ભાઈનું. તો તમારું વહેંચણ થયા પછી પેલા ભાગના તમે જવાબદાર નથી. એટલે એવું આત્મા અને અનાત્માની વહેંચણ થઈ છે. એમાં વચ્ચે 'લાઈન ઑફ ડીમાર્કેશન' (ભેદરેખા) મેં નાખેલી છે, 'એક્ઝેક્ટ' (યથાર્થ) નાખેલી છે. એવું તો આ કાળમાં વિજ્ઞાન ઊભું થયું છે, તેનો લાભ આપણે ઉઠાવી લેવાનો છે.

આત્મા અને અનાત્મા, બન્ને વચ્ચે 'લાઈન ઑફ ડીમાર્કેશન' નાખી એટલે હવે 'ચંદુભાઈ' જોડે 'તમારે' પાડોશીનો સંબંધ રહ્યો. હવે પાડોશી જે ગુનો કરે, એના ગુનેગાર આપણે નહીં. માલિકીપણું નહીં એટલે ગુનેગાર નહીં. માલિકીપણું હોય ત્યાં સુધી જ ગુનો ગણાય. માલિકીપણું ગયું એટલે ગુનો રહ્યો નહીં.

આપણે પૂછીએ, કે 'તમે કેમ નીચે જોઈને ચાલો છો ?' ત્યારે એ કહે, 'ના જોઈએ તો પગ નીચે જીવડું વટાઈ જાય ને !' 'તો કેમ, આ પગ તમારો છે ?' એવું પૂછીએ, તો કહે, 'હા, ભાઈ, પગ તો મારો જ ને !' એવું કહે કે ના કહે ? એટલે 'આ પગ તમારો, તો પગ નીચે જીવડું વટાઈ ગયું તેના જોખમદાર તમે !' અને આ 'જ્ઞાન' પછી તમને તો 'આ દેહ મારો નથી' એવું જ્ઞાન હાજર રહે છે. એટલે તમે માલિકીપણું છોડી દીધું છે. આ 'જ્ઞાન' આપતી વખતે અહીં આગળ માલિકીપણું બધું હું લઈ લઉં છું. એટલે પછી તમે માલિકીપણું પાછું ખેંચો તો એની જોખમદારી આવે. પણ જો તમે માલિકીપણું પાછું ના ખેંચો ને, તો 'એક્ઝેક્ટ' રહે. નિરંતર ભગવાન મહાવીર જેવી દશા રાખે એવું આ વિજ્ઞાન છે !

અહીં ધૂળ ઊડતી હોય ને, તો સામી બાજુ ના દેખાય. એવું કર્મની જંજાળને લઈને સામી બાજુ દેખાય નહીં ને ગૂંચવે. પણ જો એમ જાગૃતિ રહે કે 'હું તો શુદ્ધાત્મા છું' તો એ જંજાળ ઊડી જાય. એટલે મહાવીર ભગવાન જેવી દશા રહે એવા આ પાંચ વાક્યો (પાંચ આજ્ઞા) તમને આપેલા છે !

## શુદ્ધતા વર્તવા કાજે, 'શુદ્ધાત્મા' કહો

**પ્રશ્નકર્તા :** આપે શુદ્ધાત્મા શાથી કહ્યો, આત્મા જ કેમ ના કહ્યો ? આત્માયે ચેતન તો છે જ ને ?

**દાદાશ્રી :** શુદ્ધાત્મા એટલે શુદ્ધ ચેતન જ. શુદ્ધ એટલા માટે કહેવાનું કે પહેલા મનમાં એમ લાગતું હતું કે 'હું પાપી છું, હું આવો નાલાયક છું, હું આમ છું, હું તેમ છું.' એવા બધા પોતાની

જાત ઉપરના જે આરોપ હતા, તે આરોપ બધા નીકળી ગયા. શુદ્ધાત્માને બદલે 'આત્મા' એકલો કહે ને, તો પોતાની શુદ્ધતાનું ભાન ભૂલી જાય, નિર્લેપતાનું ભાન જતું રહે. એટલે 'શુદ્ધાત્મા' કહ્યું.

**પ્રશ્નકર્તા :** તો શુદ્ધાત્માનો મર્મ શું છે ?

**દાદાશ્રી :** 'શુદ્ધાત્મા'નો મર્મ એ અસંગ છે, નિર્લેપ છે; જ્યારે 'આત્મા' એવો નથી. 'આત્મા' લેપાયેલો છે ને 'શુદ્ધાત્મા' એ તો પરમાત્મા છે. બધા ધર્મવાળા બોલે છે ને, 'મારો આત્મા પાપી છે', તોય શુદ્ધાત્માને કશો વાંધો નથી.

શુદ્ધાત્મા એ જ સૂચવે છે કે આપણે હવે નિર્લેપ થઈ ગયા, પાપ ગયા બધા. એટલે શુદ્ધ ઉપયોગ માટે 'શુદ્ધાત્મા' કહ્યો છે. બાકી 'આત્મા'વાળાને તો શુદ્ધ ઉપયોગ હોય નહીં. આત્મા તો, બધા આત્મા જ છે ને ! પણ જે શુદ્ધ ઉપયોગી હોય, તેને શુદ્ધાત્મા કહેવાય. આત્મા તો ચાર પ્રકારના છે; અશુદ્ધ ઉપયોગી, અશુભ ઉપયોગી, શુભ ઉપયોગી અને શુદ્ધ ઉપયોગી, એવા બધા આત્મા છે. એટલે એકલો 'આત્મા' બોલીએ, તો એમાં કયો આત્મા ? ત્યારે કહે, 'શુદ્ધાત્મા.' એટલે શુદ્ધ ઉપયોગી એ શુદ્ધાત્મા હોય. હવે ઉપયોગ પાછો શુદ્ધ રાખવાનો છે. ઉપયોગ શુદ્ધ રાખવા માટે શુદ્ધાત્મા છે, નહીં તો ઉપયોગ શુદ્ધ રહે નહીં ને !

એક જણે પૂછયું, કે 'દાદા, બધે 'આત્મા' કહેવડાવે છે અને તમે એકલા 'શુદ્ધ આત્મા' કહેવડાવો છો, એવું કેમ ?' મેં કહ્યું, કે 'એ જે આત્મા કહે છે ને, તે આત્મા જ ન હોય અને અમે શુદ્ધાત્મા કહીએ છીએ, એનું કારણ જુદું છે.' અમે શું કહીએ છીએ, કે તને 'રિયલાઈઝ' એક ફેરો કરી આપ્યું કે તું શુદ્ધાત્મા છું અને આ ચંદુભાઈ જુદા છે, એવું તને બુદ્ધિથીય સમજણ પડી ગઈ. હવે ચંદુભાઈથી ખરાબમાં ખરાબ કામ થઈ ગયું, લોકો નિંદા કરે એવું કામ થઈ ગયું, તે વખતે તારે 'હું શુદ્ધાત્મા છું' એ લક્ષ ના ચૂકવું જોઈએ. એ 'હું અશુદ્ધ છું' એવું ક્યારેય પણ માનીશ નહીં, એવું કહેવા માટે 'શુદ્ધાત્મા' કહેવો પડે છે. 'તું અશુદ્ધ થયો નથી' એટલા માટે કહેવું પડે છે. અમે જે શુદ્ધાત્મપદ આપ્યું છે તે શુદ્ધાત્મપદ-શુદ્ધપદ પછી બદલાતું જ નથી, માટે શુદ્ધ મૂક્યું છે. અશુદ્ધ તો, આ દેહ છે એટલે અશુદ્ધિ તો થયા જ કરવાની. કોઈકને વધારે અશુદ્ધિ થાય, તો કોઈકને ઓછી અશુદ્ધિ થાય, એ તો થયા જ કરવાની. અને તેનું પાછું પોતાના મનમાં પેસી જાય કે 'મને તો દાદાએ શુદ્ધ બનાવ્યો તો પણ આ તો અશુદ્ધિ હજી રહી છે.' અને એવું પેસી ગયું તો પાછું બગડી જાય.

**પ્રશ્નકર્તા :** ત્યાં શુદ્ધપણું જાગ્રત કેવી રીતે રાખવું ?

**દાદાશ્રી :** શુદ્ધ જ છું, તું પોતે શુદ્ધ છું, આ તો જે બની ગયું એ ગયું, અને એ વ્યવસ્થિતને તાબે હતું તે. પણ તે ઘડીએ શુદ્ધપણું રહે નહીં ને શંકા પડે. એટલે આપણે શુદ્ધાત્મા આપેલો કે ગમે તેવી સ્થિતિમાં તું શુદ્ધ જ છું, એવું આ માનજે. એટલે બધું સમજી કરીને શુદ્ધાત્મા થયેલો છું તું. એમ ગપ્પું નથી માર્યું આ.

## એ ભૂલ ખોળવાની...

**પ્રશ્નકર્તા :** તમે કહો છો ને, કે તું કોણ છે ? ત્યારે મને 'હું શુદ્ધાત્મા છું' એની શંકા રહે છે.

**દાદાશ્રી :** 'હું શુદ્ધાત્મા છું' એ તમને શંકા રહે છે તો એ શંકા જે કરે છે તે જ શુદ્ધાત્મા છે. એટલે 'આપણે' અહીં નથી બેસતા, તે જગ્યાએ બેસવાનું હવે. કોણ શંકા કરે છે એ ખોળી કાઢવું કે આ તો આપણી જ ભૂલ છે.

શંકા જાય કે ઉકેલ આવી ગયો. હવે શંકા ઊડી જવી એ તો પોતાના હિસાબમાં બેસવી જોઈએ

ને ? સામાની શંકા ઊડી ગઈ, માટે કંઈ આપણી શંકા ઊડી ગઈ ? કારણ કે બધાને સરખી શંકા નથી હોતી. માટે આપણી જાતને પૂછવું જોઈએ કે 'શંકા કઈ કઈ બાબતમાં છે ?' ત્યારે કહે, 'ના, હવે કોઈ શંકા નથી.' અને જેને હજુ થોડી થોડી શંકા હોય તે પછી થોડો ટાઈમ અહીં બેસી રહે, ને અમને પૂછે-કરે તો પછી એ શંકા જતી રહે. અને શંકા ગઈ એટલે ઉકેલ આવી ગયો.

## એ જાણેલું તો શંકા કરાવે

શંકા ક્યારે થાય ? બહુ વાંચ વાંચ કર્યું હોય ને, તે બધું આગળ આગળ પડઘા પાડ્યા કરે. એટલે માણસ ત્યાં આગળ ગૂંચાઈ જાય, ને ગૂંચાઈ જાય એટલે સંદેહ ઊભા થાય, શંકા ઊભી થાય. એ શંકાઓ જ આ સંસારની બહાર નીકળવા દેતી નથી. શાસ્ત્રનો પરિચય હોય ઘણા કાળનો, એટલે પછી આપણને મહીં શંકાઓ ઊભી થાય. એટલે જેટલું જાણે છે એટલું એ તો ઊલટું વધારે ખૂંચે. એ જાણેલાને ભગવાને 'ઓવરવાઈઝપણું' (દોઢ ડહાપણ) કહ્યું છે.

આ તો વિશેષ જાણેલું તેનો આ પ્રભાવ ! તે ધક્કા વાગ્યા કરે. પેલું જાણેલું ને, તેથી. એથી અમે કહ્યું ને, કે 'હું કંઈ જ જાણતો નથી' એમ કરીને ફ્રેક્ચર કરી નાખી દો ને, બધો માલ ! અત્યાર સુધી જાણેલું બધું જ ખોટું હતું. જે જાણ્યાએ આપણને હેલ્પ ના કરી, ક્રોધ-માન-માયા-લોભ ગયા નહીં, જે જાણવાથી આત્મા પ્રાપ્ત ના થયો, તો પછી એ જાણ્યાનો અર્થ જ શું ? અને જે જાણવાથી આત્મા પ્રાપ્ત થયો છે, તો બીજું જાણવાની જરૂર નથી. કો'કને એમ લાગતું હોય કે એમના જાણવાથી એમને આત્મા પ્રાપ્ત થઈ ગયો છે, તો પછી આ જાણવાની જરૂર જ નથી. આ અક્રમ વિજ્ઞાન છે, પેલું ક્રમિક છે. એટલે કો'કને પ્રાપ્ત થયો એમ લાગતું હોય તો મિક્ષ્ચર કરવાની જરૂર નથી. આ એકની મહીં બીજું મિક્ષ્ચર કરવાનો ફાયદો નથી. જે જાતની આપણે દવા પીતા હોઈએ એ જ પીયા કરવી સારી છે. પાછું બીજું મિક્ષ્ચર કરીએ તો ઊલટું નવી મુશ્કેલીઓ ઊભી થાય. એટલે મિક્ષ્ચર કરીને શું કામ છે આપણે ? કૃપાળુદેવે શું કહ્યું, કે જે રસ્તે, જેનાથી સંસારમળ જાય આપણો, તે રસ્તો તું સેવજે. તો એ સેવવાનો. કારણ કે આપણે મળ જાય એટલું જ જોવું છે ને ! આપણું કામેય બીજું શું છે ?

એટલે જેટલા શંકાવાળા છે ને, એને આ સંસાર છોડતો નથી. કંઈ પણ સંશય, સંમોહ કે શંકા કિંચિત્‌માત્ર હોય ત્યાં સુધી આ સંસાર એને મુક્ત કરતો નથી. આ સંસાર તેથી જ બંધાયેલો છે. શંકા ઊભી થાય એટલે તમારું કાર્ય થાય નહીં. એના કરતાં અભણ માણસો સારા. આ શાસ્ત્રોના જાણકારો બધા શંકાશીલ, સંદેહમાં ગળથળ થઈ રહ્યા છે. એના કરતાં આપણા 'જ્ઞાન' લીધેલા કોઈ મહાત્માને શંકા જ નથી ઉત્પન્ન થઈ. કારણ કે આ વધારે વાંચ્યું હોય તો શંકા થાય ને ! એટલે નિઃશંક થઈ જાય છે, એનો આત્મા નિરંતર પરમાનંદ આપે.

બાકી આ જગત શંકાથી જ ફસાયું છે ને ! ભાગ્યે જ આપણા 'જ્ઞાન' લીધેલા કોઈ મહાત્માને એક ક્ષણ આત્મા સંબંધમાં શંકા ઊભી થઈ હોય ! આવું તો બન્યું જ નથી, સાંભળ્યું જ નથી ને ! અહીં તો શંકા જેવી વસ્તુ જ સાંભળી નથી.

**પ્રશ્નકર્તા :** જેણે પહેલા આવી વસ્તુ સાંભળી જ ના હોય એને શંકા ના આવે. પણ જેણે સાંભળી હોય તેને એમ લાગે કે આ સાચું કે પેલું સાચું ?

**દાદાશ્રી :** એવું છે ને, સાંભળ્યું હોય છતાં શંકા નથી આવતી એનું શું કારણ ? આ 'જ્ઞાન' લીધા પછી એમને પોતાને મહીં એવો અનુભવ થઈ ગયો કે નિરંતર આત્મા મારો જતો નથી, રાતે

બે વાગે હું જાગું છું તે પહેલા તો એ હાજર થઈ જાય છે. તે આવું તો આ 'વર્લ્ડ'માં બને એવું નથી કોઈ જગ્યાએ, આત્મા એની મેળે હાજર થાય એવું બને નહીં. આ તો અનુભવ કહેવાય છે. આત્મા પ્રાપ્ત થાય એને અનુભવ કહેવાય, આત્માનું લક્ષ બેઠું એને અનુભવ કહેવાય. કારણ કે પોતે જાગતા પહેલા તો એ આત્મા હાજર થઈ જાય.

એટલે જેને શંકા ગઈ તેને સંપૂર્ણ આત્મા પ્રાપ્ત થઈ ગયો. બાકી 'આત્મા કેવો છે' એ સંદેહ કોઈનો જાય એવો જ નથી. 'આત્મા છે' એ સંદેહ વખતે જાય, પણ 'આત્મા કેવો છે' એ સંદેહ નથી જાય એવો. એ વસ્તુ બહુ ઊંડી છે.

## પુસ્તકથી ન છૂટે સંદેહ

**પ્રશ્નકર્તા :** પણ દાદા, આમ તો દેહધારી મનુષ્ય મારફત જ એ પ્રક્રિયા થાય ને ? દેહધારી મનુષ્યમાં જ ભગવાન પ્રગટે અને તો જ સંદેહ છૂટે ને ? પુસ્તકમાંથી સંદેહ ના છૂટે ને ?

**દાદાશ્રી :** પુસ્તકમાં કશું હોય નહીં ને કશું વળે નહીં. પુસ્તકમાં તો લખેલું હોય કે 'સાકર ગળી છે', એમાં આપણું મોઢું શું ગળ્યું થયું ? પુસ્તકમાં 'સાકર ગળી છે' એમ લખ્યું છે, પણ એમાં આપણને શું ફાયદો થયો ? મોઢામાં મૂકીએ તો ગળી લાગે ને ?

**પ્રશ્નકર્તા :** એટલે દેહધારી મનુષ્ય, જેમાં ભગવાન પ્રગટ થયા હોય એવા મળતા નથી, અને પુસ્તકો કંઈ કામ કરતા નથી, એટલે પછી ફર્યા કરવાનું ?

**દાદાશ્રી :** હા, ભટકવાનું જ બસ.

**પ્રશ્નકર્તા :** આ દુકાનેથી પેલી દુકાને ને પેલી દુકાનેથી બીજી દુકાને.

**દાદાશ્રી :** હા, દુકાનો ને દુકાનો ફર્યા જ કરે.

**પ્રશ્નકર્તા :** અને જેટલી દુકાન ફરતા જઈએ તેમ તેમ નકલી માલ વધતો જાય.

**દાદાશ્રી :** હા, વધતો જાય. અને 'અહીંથી મળશે કે ત્યાં મળશે !' એવા વિકલ્પો ઊભા થયા કરે. એ તો છેલ્લી દુકાન મળે ત્યારે ઉકેલ આવે અને તેય સંદેહ જાય બધી વાતે તો ઉકેલ આવે.

તમે પોતેય ભગવાન છો, પણ તમને તેનું ભાન નથી. પોતાના મનમાં એમ નક્કી થાય કે 'હું ભગવાન છું પણ મને એ પદ જડતું નથી.' એવું જો નક્કી થઈ જાય તો તો પછી વાંધો નથી. આ તો આને શંકા છે, હોઈશ કે નહીં, હોઈશ કે નહીં, હોઈશ કે નહીં...' શાની શંકા છે ? તું ભગવાન જ છે ! તને તારું ભાન જતું રહ્યું છે ! ભગવાન જીવમાત્રની અંદર બેઠેલા છે, ચેતનરૂપે. એનું ભાન જ નથી. એ ચેતન એ જ પરમેશ્વર છે ! 'શુદ્ધ ચેતન' એટલે શુદ્ધાત્મા, એ જ પરમાત્મા !

## જ્ઞાન પછી ચાર્જ બંધ

**પ્રશ્નકર્તા :** શુદ્ધાત્માનું જ્ઞાન કોઈએ લીધું હોય અને કોઈ એને લાફો મારે અને એ સામો લાફો મારે, તો પછી એનામાં જ્ઞાનની અસર નથી થઈ એમ સમજવું કે એનું શુદ્ધાત્મપણું કાચું છે એમ સમજવું ?

**દાદાશ્રી :** શુદ્ધાત્માનું જ્ઞાન કાચું પડ્યું ના કહેવાય.

**પ્રશ્નકર્તા :** તો પછી એણે શાથી લાફો માર્યો સામે ?

**દાદાશ્રી :** એ લાફો માર્યો ને, તે ઘડીએ 'એ' છૂટો હોય છે. અને 'એના' મનમાં પસ્તાવો થાય છે કે 'આવું ના થવું જોઈએ, આવું કેમ થાય છે ?' આ 'જ્ઞાન' એવું છે કે પોતાની એક ભૂલ થઈ હોય તો તરત જ ખબર પડી જાય અને ભૂલ થઈ એવી ખબર પડે ને, એટલે પસ્તાવો થાય જ.

અને આ બન્યું એમાં જ્ઞાનને અને એને લેવાદેવા નથી. આ બધા એના 'ડિસ્ચાર્જ' ભાવો છે.

**પ્રશ્નકર્તા :** શુદ્ધાત્મા થયેલો હોય, આ જ્ઞાન લીધેલું હોય ને 'પરફેક્ટ' (આદર્શ) હોય, તેની વર્તણૂકમાં શું સમજ પડે અમને ?

**દાદાશ્રી :** એને 'ઈગોઈઝમ' (અહંકાર) ના હોય, કર્તાપદ ઊડી ગયું હોય.

**પ્રશ્નકર્તા :** એમ માનો ને, કે 'હું નથી કરતો' એવું એને વર્તે છે, તો આ ભાઈને હું લાફો મારું છું ને હું કહું કે 'હું નથી મારતો, શરીરે માર્યું છે. આત્માએ નથી માર્યું' તો ?

**દાદાશ્રી :** એવું કહેવાય નહીં ને ! 'શરીરે માર્યું છે' એવું બોલાય નહીં, એ તો જોખમ છે. 'શરીરે માર્યું છે, આત્માએ નથી માર્યું' એવું કહે, એવો બચાવ કરે તો આપણે કહીએ, 'ઊભા રહો, શરીરમાં મને સોયો ઘોંચવા દો.' એટલે 'શરીરે માર્યું છે' એવું ના બોલે.

એવું છે, મારવું એ તો એક જાતનો 'ડિસ્ચાર્જ' ભાવ છે. આ 'જ્ઞાન' પછી 'પોતે' 'ચાર્જ' કરતો બંધ થઈ જાય છે, પછી એ 'ડિસ્ચાર્જ' બાકી રહે છે. એનો જોખમદાર રહેતો નથી. 'કર્તા મિટે તો છૂટે કર્મ.' કર્તાપણું એને છૂટી ગયું છે. કર્તા પોતે છે જ નહીં, 'વ્યવસ્થિત' કર્તા છે. કર્તાભાવ છૂટે તો જ શુદ્ધાત્માનું લક્ષ બેસે.

## 'શુદ્ધાત્મા' માત્ર ચંદુને 'જોયા' કરે

શુદ્ધાત્માનું જ્ઞાન આપ્યું એટલે પોતાનું લક્ષ બેઠું અને કહ્યું કે આ 'વ્યવસ્થિત' ચલાવે છે એ જોયા કર, બસ. આટલું જ વિજ્ઞાન છે આપણું. આ 'વ્યવસ્થિત' જે 'ચંદુભાઈ'ને ચલાવે છે, તે 'તું' જોયા કર. એટલું જ કહીએ છીએ ને તમને !

**પ્રશ્નકર્તા :** વ્યવસ્થિત ઉપર બધું નાખી દેવાનું હોય, તો પછી આપણે કરવાનું કશું રહે જ નહીં ને ?

**દાદાશ્રી :** તમારે કશું કરવાનું જ નથી. તમારે જોયા કરવાનું, ચંદુભાઈ શું કરે છે ? ચંદુભાઈને કરવાનું રહે છે, તમારે કશું કરવાનું નથી. તે ચંદુભાઈ તો વ્યવસ્થિતના તાબામાં કર્યા કરશે. જેમ વ્યવસ્થિત સમજણ પાડશે ને, એવું કર્યા કરશે. એટલે તમારે તો જોયા કરવાનું. 'ચંદુભાઈ શું કર્યા કરે છે', એ જોયા કરવાનું. એ ફાવે કે ના ફાવે ? ચંદુભાઈના ઉપરી થવાનું ફાવશે તમને ?

ચંદુભાઈથી કોઈ દોષ થઈ જાય, તોય તમે શુદ્ધ જ છો. દોષ એ પૂર્વકર્મનો હિસાબ છે. હવે પોતાનો હિસાબ છે તો આપણે એનો નિકાલ કરી નાખવો. એ દોષથી સામાને દુઃખ થયું હોય તો આપણે ચંદુભાઈને કહીએ, 'ભઈ, પશ્ચાતાપ કરો. પસ્તાવો લો.' 'ફરી નહીં કરું' એવો નિશ્ચય કરો.

ચંદુભાઈથી કંઈ ખરાબ કામ થઈ ગયું, કોઈ જગ્યાએ તો તમને ગભરાટ ના રહેવો જોઈએ. કારણ કે એ તો વ્યવસ્થિત શક્તિએ કર્યું અને તમે તો શુદ્ધાત્મા છો, શુદ્ધ જ છો. હવે ફરી તમે લેપાયમાન થાવ જ નહીં, અસંગ જ છો ! શુદ્ધાત્મા પોતે સ્વભાવથી જ 'અસંગ' છે. આત્મા 'અસંગ' છે. તું 'અસંગ' છે તો તને રંગ અડતો નથી, 'ચંદુભાઈ'ને અડે છે. 'આપણે' તો 'જાણ્યા' કરીએ !

## 'આત્મા'ની શંકા કોને ?

**પ્રશ્નકર્તા :** શ્રીમદ્ રાજચંદ્રજીએ આત્મસિદ્ધિમાં લખ્યું છે કે...

''આત્માની શંકા કરે, આત્મા 'પોતે' આપ !
શંકાનો કરનાર તે, અચરજ એહ અમાપ !''

આમાં આત્માની શંકા આત્મા કરે છે કે (અહંકાર), બુદ્ધિ કરે છે ?

**દાદાશ્રી :** એ આત્માની શંકા આત્મા કરે છે, આ બુદ્ધિ નથી કરતી. આત્મા, એટલે જે અત્યારે તમારો માનેલો આત્મા છે તે અને મૂળ આત્મા, એ બે જુદા આત્મા છે. તમારો માનેલો આત્મા બુદ્ધિ સહિત છે. અહંકાર, બુદ્ધિ બધા સાથે થઈને મૂળ આત્માની શંકા કરે છે. શું શંકા કરે છે, કે 'મૂળ આત્મા નથી. એ એવું કંઈ લાગતું નથી.' એને શંકા આવે છે કે આમ હોય કે કેમ ?

**પ્રશ્નકર્તા :** એટલે બુદ્ધિ ઉપરાંત જે આત્મા છે એ એની સાથે સંકળાયેલો છે.

**દાદાશ્રી :** આ જેને આપણે આત્મા માનીએ છીએ, અગર તો આ જગત શેને આત્મા માને છે ? 'હું ચંદુભાઈ અને બુદ્ધિ મારી, અહંકાર બધું મારું અને હું જ આ આત્મા છું અને આ આત્માને મારે શુદ્ધ કરવાનો છે' એવું માને છે. એમને એમ ખબર નથી કે આત્મા તો શુદ્ધ છે જ અને આ રૂપક ઊભું થયેલું છે. એટલે આ પોતે-અહંકાર, બુદ્ધિ ખરી એમાં, તે શંકા કરે છે. બુદ્ધિ એકલી શંકા ના કરે. બુદ્ધિ અહંકાર સહિત શંકા કરે. એટલે એ 'પોતે' થયો.

''આત્માની શંકા કરે, આત્મા 'પોતે' આપ !''

'પોતે' આત્મા છે અને તે 'પોતે' પોતાની શંકા કરે છે. એટલે 'એના' વગર શંકા બીજો કોણ કરે ? એ શંકા ક્રોધ-માન-માયા-લોભ કરતા નથી કે મન કરતું નથી કે બુદ્ધિ કરતી નથી. આત્માની શંકા આત્મા જ કરે છે, એ અજાયબી છે, એમ કહે છે. કારણ કે આ તો એટલું બધું અજ્ઞાન ફેલાયું છે કે પોતે પોતાની શંકા કરતો થઈ ગયો છે, કે 'હું છું કે નહીં ?' એવું કહેવા માગે છે. કૃપાળુદેવનું આ બહુ સરસ વાક્ય છે, પણ સમજે તો !

**પ્રશ્નકર્તા :** શંકા પડે તે પ્રતિષ્ઠિત આત્માનું કામ ?

**દાદાશ્રી :** આમાં મૂળ આત્માને શંકા પડે જ નહીં અને પ્રતિષ્ઠિત આત્મા તો શંકાશીલ જ છે ને ! અને એ આપણે પ્રતિષ્ઠા જેવી કરી છે, આપણે મૂર્તિમાં પ્રતિષ્ઠા કરીએ, તે જેવી પ્રતિષ્ઠા કરીએ તેવું ફળ આપે એ. એવું આયે મૂર્તિમાં પ્રતિષ્ઠા કરી છે. પેલી મૂર્તિમાં ને આમાં ફેર જ નથી. આમાં જેવી પ્રતિષ્ઠા કરી છે એવું આ એકલું જ ફળ આપશે. જે પ્રતિષ્ઠા સારી કરેલી, તે સારું ફળ આપે.

**પ્રશ્નકર્તા :** એટલે પ્રતિષ્ઠિત આત્મા શુદ્ધાત્માની શંકા કરે છે ?

**દાદાશ્રી :** હા, પ્રતિષ્ઠિત આત્મા. મેં પ્રતિષ્ઠિત આત્મા નામ આપ્યું છે. બાકી, આમ આ લોકોએ 'વ્યવહાર આત્મા' કહ્યો છે. જે તું અત્યારે આત્મા માની રહ્યો છે તે વ્યવહારિક આત્મા છે, એવું કહ્યું છે. પણ વ્યવહારિક આત્મામાં શું થાય છે, કે એ લોકોને સમજાતું નથી. પણ ફરી આ ઊભું કરનાર જ 'તમે' છો, પ્રતિષ્ઠા કરો છો માટે આ ઊભું થાય છે. 'હું ચંદુભાઈ છું, હું ચંદુભાઈ જ છું' કર્યા કરશો તો ફરી આત્મા ઊભો થઈ રહ્યો છે તમારો, બીજી પ્રતિષ્ઠા થઈ રહી છે. મૂર્તિરૂપે માનો છો માટે મૂર્તિમાં પ્રતિષ્ઠા થઈ, માટે મૂર્તિનો જન્મ થશે. 'હું શુદ્ધાત્મા છું' તો (નવી પ્રતિષ્ઠા) ઊડી જશે. 'સ્વરૂપ જ્ઞાન' પછી નવો 'પ્રતિષ્ઠિત આત્મા' બંધાતો નથી ને જૂનો 'એક્ઝોસ્ટ' (ખલાસ) થયા કરે !

## શંકા ત્યાં લગી દોષ

'આ' જ્ઞાન પછી પોતે શુદ્ધાત્મા થઈ ગયો. હવે દરઅસલ શુદ્ધાત્મા સમજમાં આવે તો કોઈ પણ જાતની હિંસા કે કશું અશુભ કરે, એ પોતાના ગુણધર્મમાં છે જ નહીં. એને શુદ્ધાત્માનું લક્ષ પૂરેપૂરું છે. પણ જ્યાં સુધી હજુ પોતાને શંકા પડે છે કે મને દોષ બેઠો હશે ! જીવ મારાથી વટાઈ ગયો

ને મને દોષ બેઠો છે એવી શંકા પડે છે ત્યાં સુધી સવારના પહોરમાં પોતે નિશ્ચય કરીને નીકળવું. 'કોઈ જીવને મન-વચન-કાયાથી કિંચિત્‌માત્ર દુઃખ ના હો' એવું પાંચ વખત બોલીને નીકળો, એવું 'આપણે' 'ચંદુભાઈ' પાસે બોલાવડાવવું. એટલે આપણે આવું સહેજ કહેવું કે ચંદુભાઈ, બોલો, સવારના પહોરમાં ઊઠતાની સાથે, 'મન-વચન-કાયાથી કોઈ પણ જીવને કિંચિત્‌માત્ર દુઃખ ન હો, એ અમારી દૃઢ પ્રતિજ્ઞા છે.' અને એવું 'દાદા ભગવાન'ની સાક્ષીએ બોલીને નીકળ્યા કે પછી બધી જવાબદારી 'દાદા ભગવાન'ની.

અને જો શંકા ના પડતી હોય તો એને કશો વાંધો નહીં. અમને શંકા પડે નહીં અને તમને શંકા પડે એ સ્વાભાવિક છે. કારણ કે તમને તો આ આપેલું જ્ઞાન છે. એક માણસે લક્ષ્મી જાતે કમાઈને ભેગી કરેલી હોય અને એક માણસને લક્ષ્મી આપેલી હોય, એ બેના વ્યવહારમાં બહુ ફેર હોય.

ખરી રીતે જ્ઞાની પુરુષે જે આત્મા જાણ્યો છે ને, એ આત્મા તો કોઈનેય કિંચિત્‌માત્ર કશું દુઃખ ના દે એવો છે અને કોઈ એને કિંચિત્‌માત્ર દુઃખ ન દે એવો એ આત્મા છે. ખરી રીતે મૂળ આત્મા એવો છે.

## પરપરિણામ ઓગળે એની મેળે

**પ્રશ્નકર્તા :** દાદા, પણ હજુ ક્રોધ થઈ જાય ને ત્યારે શંકામાં પડી જવાય છે કે મારું જ્ઞાન બગડી ગયું ?

**દાદાશ્રી :** તમને આ જ્ઞાન પછી આ બધા પરિણામ આટલા બદલાયા, તેમાંનું એક જ બદલાયું હોય તો પણ જગત કાચું ના પડી જાય, એવું જગત છે ચોક્કસ. એક જ જો અનુભવ થઈ ગયો હોય ને, એક જ ! એમાંથી ચિંતા બંધ થઈ ગઈ, ત્યાં સુધીનું જો બંધ થઈ ગયું હોય તો પછી પાછો જ ના પડે. આ તો બધા કેટલા (ફેરફાર) ! લક્ષ બેઠું, ચિંતા ઊડી ગઈ, ફલાણું ઊડી ગયું, બધું કેટલું ! પરિણામમાં તો ગમે એટલો ક્રોધ થાય તોય આપણે જોયા કરવું. 'ઓહોહો ! ચંદુભાઈ, તમારા પરિણામ તો ભારે લાગે છે', કહીએ. એમ કહેવું ઊલટું. આપણે જોનારા રહ્યા.

**પ્રશ્નકર્તા :** દાદા, પણ એ બૉલને અટકાવવા જાય છે, ઉછળતો બંધ કરવા જાય છે.

**દાદાશ્રી :** એટલે એના પરિણામ બંધ કરવાનો પ્રયત્ન કરે છે એ. અલ્યા, એના પરિણામ તો બંધ થઈ જ જવાના છે, એની મેળે જ. ફરી તું નાખવાનો બંધ કરી દે, એટલું અમે કહીએ છીએ. નાખવાના બંધ કરે એટલે કર્તા-કર્મ બંધ થઈ જાય. જેટલા કર્તા થઈ ગયા છે, એ તો એની મેળે ફૂટબૉલ ઊંચા ઉછળ ઉછળ ઉછળ કરીને ટાઢું થઈ જાય.

પેલું ફૂટબૉલ તો, આ બાજુ તમે અહીં જોશો તોયે એના પરિણામ બંધ થવાના છે, જે ટાઈમે બંધ થવાના છે તે ટાઈમે. અને નહીં જુઓ તોય એ બાજુ બંધ થવાના છે. એ તો પરપરિણામ છે, પરિણામ ઉત્પન્ન થયા છે. એ પરિણામ એની મેળે બંધ થઈ જવાનું. હું જાણું કે કો'ક હજુ એકદમ ખૂબ ક્રોધ કરતો હોય તો ધીમે ધીમે એ ક્રોધ નરમ થતો થતો થતો એ ઓગળતો જશે.

જેટલા ક્રિયાવાળા છે, એ બધાય પરપરિણામ છે. એ પછી મનની ક્રિયા હોય કે વાણીની ક્રિયા હોય કે દેહની ક્રિયા હોય, એ બધા પરપરિણામ છે અને તે ડિસ્ચાર્જ છે. આ શરીરમાંથી જે કંઈ ચીજો ખરી પડે, તે બધી પરપરિણામ છે. એટલે આ બધા પરપરિણામને સમજવા જોઈએ. પરપરિણામને પરપરિણામ જાણે અને સ્વપરિણામને સ્વપરિણામ જાણે. ક્રોધ થાય એ આપણે જાણીએ કે આ પરપરિણામ છે. લોભ થાય તેય જાણીએ કે પરપરિણામ છે અને આ મારા પરિણામ ન્હોય.

પરપરિણામની મૂળ ભૂલો તે આપણી પહેલાની ખરી. એ તો આપણે સમજીએ કે એ અહંકાર, એ અજ્ઞાનતા અને એ બધું ભેગું થઈને આ પરિણામ ઊભું થયેલું છે. આજે આપણે એ અહંકારેય નથી અને એ અજ્ઞાનેય નથી. આજે આપણે એના રિસ્પોન્સિબલ (જવાબદાર) નથી.

## એવી શંકા ? ત્યાં 'જ્ઞાન' હાજર

આ 'અક્રમ વિજ્ઞાન' તો 'સાયન્ટિફિક' (વૈજ્ઞાનિક) છે ! વિજ્ઞાન છે ! એક્ઝેક્ટ (યથાર્થ) છે ! અને બીજું બધું તો 'ડિસ્ચાર્જ' (ગલન) થઈ રહ્યું છે ! 'કર્તાપદ'નું ભાન છે ત્યાં સુધી 'ચાર્જ' થયા જ કરે. અક્રમ માર્ગમાં તમારું કર્તાપદ 'અમે' ઉડાડી મૂકીએ છીએ. 'હું કરું છું' એ ભાન ઊડી જાય છે ને 'કોણ કરે છે' એની સમજણ પાડી દઈએ છીએ. એટલે 'ચાર્જ' થતું બંધ થઈ જાય છે. પછી રહ્યું શું ? ખાલી 'ડિસ્ચાર્જ' સ્વરૂપ ! જે પરપરિણામમાં છે, જે 'ડિસ્ચાર્જ' રૂપે છે, તેમાં વીતરાગતા રાખવાની છે. બીજો ઉપાય જ નથી !

આ જ્ઞાન મળ્યા પછી તો (પોતે) મહાવીર જેવો રહી શકે એવો છે, કારણ કે પછી જરાય લેપાયમાન થતો નથી. 'આત્મા પછી નિર્લેપ.' એક ફેરો આપણે આ જ્ઞાનને આપી દીધા પછી નિર્લેપ થયા પછી લેપાયમાન સહેજેય ક્યારેય પણ ના થાય. શંકા પડે કે મને આ કર્મ બંધાશે તેય છે તે નિ:શંક છે.

આ 'જ્ઞાન' પછી હવે તમે કંઈ કામ કરવા જાવ ને, તો 'દોષ તો બંધાય નહીંને ?' એવી શંકા થઈ, તે વખતે આત્મા હાજર હતો માટે તમારી એક શંકા ઊડી ગઈ. નહીં તો આવી શંકા કોને થાય ? આ જગતના લોકોને એવી શંકા થાય ? શાથી ના થાય ? આત્મા હાજર જ નથી ત્યાં આગળ !

એટલે શંકા કોને થાય ? 'હું કર્તા છું' એવી શંકા કોને પડે ? એટલે આપણે શંકા પડે ત્યારે જાણવું કે આત્મા હાજર હતો. માટે એ શંકા ઊડી ગઈ.

**પ્રશ્નકર્તા :** જ્યાં સુધી જ્ઞાનજ્યોતિ જલતી રહે એ જ વખતે શંકા આવે. જ્ઞાનજ્યોતિ નહીં હોય તો શંકા ક્યાંથી આવે ?

**દાદાશ્રી :** હા. મોટરની આગળ પ્રકાશ હોય તો ખબર પડે કે જીવડાં મોટરથી વટાય છે, પણ પ્રકાશ જ ના હોય તો ? શંકા જ ના પડે ને !

આ તો આપણે 'જ્ઞાન' આપ્યું એટલે તન્મયાકાર થતું જ નથી. પછી પોતાને મનમાં એમ લાગે કે 'હું એકાકાર થઈ ગયો હોઈશ ?' પણ ના, એ શંકા પડે છે. અને એને ભગવાને કહ્યું કે 'શંકા પડે છે, માટે તું જ્ઞાનમાં જ છે.' કારણ કે બીજા માણસને શંકા પડે નહીં કે હું તન્મયાકાર થઈ ગયો છું. એ લોકો તો તન્મયાકાર છે જ. અને તમને તો આ 'જ્ઞાન' મળ્યું છે એટલે તમને શંકા પડે કે 'હું આ તન્મયાકાર થઈ ગયો હોઈશ કે શું ?' એ શંકા પડી ! તોય ભગવાન કહે છે, 'એ શંકા અમે માફ કરીએ છીએ.' કોઈ કહેશે, 'ભગવાન, કેમ માફ કરો છો ?' ત્યારે ભગવાન શું કહે છે ? 'એ તન્મયાકાર નથી થયો, એની સમજણમાં ફેર છે.'

એ તન્મયાકાર નથી થયો, પણ આ તો ખાલી શંકા પડેલી છે. બીજાને કેમ શંકા નથી પડતી ? બીજાને શંકા પડે ખરી ? ના. એ લોકોને 'હું છૂટો છું' એવું વિચારમાં જ નથી આવ્યું. એટલે તમે છુટ્ટા જ છો. અને તોયે 'હું તન્મયાકાર થઈ ગયો હોઈશ કે શું ?' તે શંકા પડી તોયે ભગવાન 'લેટ ગો' (જતું) કરે છે. પણ છેવટે એ ધીમે ધીમે અભ્યાસે કરી, એય શંકા ના પડવી જોઈએ, એમ ભગવાન કહે છે.

### શંકા છે માટે જાગૃતિ છે

**પ્રશ્નકર્તા :** આ જે ડિસ્ચાર્જ કહ્યું તમે, એ તો સંવરપૂર્વકની નિર્જરા થઈ. એ તો જ્યારે પોતે નિર્લેપ રહે, ત્યારે જ એ વસ્તુ બની શકે ને ?

**દાદાશ્રી :** છો જ નિર્લેપ, પછી આવવાનું ક્યાંથી હવે ? કયે ગામથી આવવાનું છે ? નિર્લેપ જ છે. આ તમને શંકા છે તે જ તમને લેપાયમાન કરી રહી છે. પણ ભગવાનને પૂછીએ કે 'ભગવાન, આને શંકા પડે છે, એટલે નિર્લેપ નહીં ને ?' ત્યારે કહે, 'ના, એ શંકા છે તોય એને કર્મ ના બંધાય.' કારણ કે શંકા એ જાગૃતિ છે. ભગવાન શું કહે ? આ જગતના લોકોને શંકા નહીં આવે. એમને શંકા છે માટે જાગૃતિ છે. માટે એને કર્મ નહીં બંધાય. એટલે આ ભગવાન કેવા પાકા છે !

હું છાવરા નથી વાળતો. કહે છે, અમે છાવરા ના વાળીએ. છાવરો બાપને છોકરો વાળે કે છોકરાને બાપ વાળે. આ છાવરા વાળવાનું જ્ઞાન નહીં, આ તો એક્ઝેક્ટ જ્ઞાન કે શંકા પડી માટે તું નિઃશંક છું, માટે તું શુદ્ધાત્મા છું. તું શુદ્ધાત્મા થયો એ નક્કી વાત. તને કેમ શંકા પડી ? શંકા કોઈને પડે જ નહીં. કોઈને શંકા ના પડે ને કે હું તન્મયાકાર થઈ ગયો આ ફલાણા જોડે. એટલે વાત પણ સાચી છે, શંકા પડી તોયે નિઃશંક છું એવું ! શંકા પડી, માટે 'તું શુદ્ધાત્મા છું' એ નક્કી થઈ ગયું. ત્યારે કહે, નક્કી થઈ ગયું. પછી મારે હવે વાંધો નહીં કશોય, દુઃખ નથી બા.

જીવતાને શંકા પડે કે મરેલાને ?

**પ્રશ્નકર્તા :** જીવતાને જ પડે !

**દાદાશ્રી :** તે જેટલાને શંકા પડે, એને ભગવાને 'જીવતા' કહ્યા ને પેલાને 'મરેલા' કહ્યા એમ જ્ઞાન કહે છે. ડહાપણની વાત છે કે ? તીર્થંકરોની વાત ડહાપણની છે ? આ વીતરાગોની વાત ડાહ્યી છે ? શંકા પડે છે, છતાં તું નિઃશંક છું ! એટલે આવું અજાયબ વિજ્ઞાન છે ! અને ત્યાંયે કદી જો જોર ના મારે તો પછી એની જ ભૂલ છે ને !

### અક્રમ સાહેબી છે આ તો

**પ્રશ્નકર્તા :** શુદ્ધાત્માને કેવી રીતે જોઈ શકાય ?

**દાદાશ્રી :** એવું છે ને, કે શુદ્ધાત્મા જોવો એનો અર્થ શું છે ? આ સોનાની દાબડી છે, એની મહીં મૂકેલો હીરો એક ફેરો ખોલીને હું બતાડી દઉં. પછી દાબડી વાસી દઉં, તેથી કરીને કંઈ હીરો જતો રહ્યો નથી. આપણા લક્ષમાં રહે કે એમાં હીરો જ છે. કારણ આપણે તેને જોયો હતો. વળી આપણી બુદ્ધિએ તે દહાડે 'એક્સેપ્ટ' (સ્વીકાર) કરેલું છે. અમે જ્ઞાન આપીએ તે ઘડીએ તમારા મન-બુદ્ધિ-ચિત્ત ને અહંકાર બધાએ 'એક્સેપ્ટ' કરેલું છે. ત્યાર પછી શંકા ઊભી થતી જ નથી.

હવે મહીં શંકા નથી કરતું ને ? નહીં તો એક કલાક શંકા કર્યા વગર ના રહે, આ એટલી બધી મહીં જમાત છે. મહીં બધા 'એક્સેપ્ટ' કરે એવું જ્ઞાન હોય નહીં. કાં તો મન બૂમો પાડતું હોય, કાં તો ચિત્ત બૂમો પાડતું હોય. પણ કોઈને કોઈ વાંક પાડ્યા વગર રહે નહીં. એટલે મહીં એકામત થાય એવા નથી. મહીં બહુ જમાત છે. એકાદ જણ આડું બોલે 'આમ હોય તો ?' કે શંકા પડી ! અને તમારે તો કોઈ મહીં બોલતો જ નથી ને ! બધા એકામત-એકાજત ને ! એટલે મહીં બધા એકામત થાય ત્યારે નિઃશંક થાય.

આ શરીરમાં કોઈ દહાડો બધા એકામત-એકાજત થતા જ નથી. મૂર્ચ્છામાં પડે ત્યારે ઠીક છે. મૂર્ચ્છા એટલે દારૂ પીધેલો ! મહીં દારૂ પીવડાવવો, એટલે પછી બધા મસ્તીમાં રહે. અને

આ તો 'વિધાઉટ' (એના વગર) મૂર્ચ્છા ! અને આ 'જ્ઞાન' તો મૂર્છા થોડી ચઢેલી હોય ને, તોય ઉતારી આપે.

એટલે આત્મા સંબંધી શંકામાં બધા હોય, ગમે ત્યાં જાવ. બધાને આત્મા સંબંધી શંકા, ને શંકાને લઈને અહીં પડી રહ્યા છે. એ નિઃશંક થાય નહીં ને એમનો દહાડો વળે નહીં. 'જ્ઞાની પુરુષ' વગર આત્મામાં નિઃશંક તો કોઈ જગ્યાએ કોઈ થયેલો જ નહીં. એક પણ માણસ નિઃશંક થયેલો નહીં, આત્મા સંબંધી શંકા જ રહ્યા કરે. લોક તો સંદેહ વગરનું જ્ઞાન ખોળે છે, પણ એ જ્ઞાન લોકોની પાસે હોતું નથી.

આત્મા સંબંધી નિઃશંક થવું એ કંઈ સહેલી વાત નથી. આ તો દરઅસલ આત્મા અહીં પ્રાપ્ત થાય છે, તેથી એક કલાકમાં નિઃશંક થાય છે. આ જેવી તેવી સાહેબી નથી. પણ મનુષ્યોને સમજાતું નથી, અક્રમ સાહેબી છે આ તો ! નહીં તો કરોડ અવતારેય આત્મા સંબંધમાં નિઃશંક ના થાય ને આત્મા લક્ષમાં જ ના આવે કોઈ દહાડોય.

## નિજ શુદ્ધત્વમાં નિઃશંકતા

દરઅસલ આત્મા તો 'આકાશ' જેવો છે, અને આ શુદ્ધાત્મા એ તો એક સંજ્ઞા છે. આ દેહથી ગમે એટલા સારા થાય કે ખોટા કાર્ય થાય, તું તો શુદ્ધ જ છે. ત્યારે કોઈ કહે, કે 'હે ભગવાન, હું શુદ્ધ જ છું ? પણ આ દેહે અવળા કામ થાય તે ?' તોય ભગવાન કહે, 'એ કાર્ય તારા ન્હોય. તું તો શુદ્ધ જ છે. પણ જો તું માને કે આ કાર્ય મારા, તો તને ચોંટશે.' એટલા માટે શુદ્ધાત્મા શબ્દ, એ સંજ્ઞા લખેલી છે.

અને 'શુદ્ધાત્મા' શાથી કહ્યું 'એને' ? આખો સંસાર કાળ પૂરો થવા છતાં 'એને' અશુદ્ધતા અડતી નથી, એટલે શુદ્ધ જ છે. પણ 'શુદ્ધાત્મા'ની 'પોતાને' 'બિલીફ' ના બેસે ને ! 'હું' શુદ્ધ કેવી રીતે ? 'મારાથી આટલા પાપ થાય છે, મારાથી આમ થાય છે, તેમ થાય છે.' એટલે 'હું શુદ્ધ છું' એ 'બિલીફ' 'એને' બેસે નહીં ને શંકા રહ્યા કરે, કે 'હું શુદ્ધાત્મા છું' કેવી રીતે કહેવાય ? મને શંકા છે.

એટલે આ 'જ્ઞાન' પછી હવે 'તને' 'હું શુદ્ધાત્મા છું' એ લક્ષ બેઠું છે. માટે હવે તારાથી ગમે તે કાર્ય થાય, સારું અગર નરસું, એ બન્નેનો માલિક 'તું' નથી. 'તું' શુદ્ધ જ છે. તને પુણ્યનો ડાઘ પડવાનો નથી અને પાપનોયે ડાઘો પડવાનો નથી. માટે 'તું' શુદ્ધ જ છે. તને શુભનોયે ડાઘો પડવાનો નથી અને અશુભનોય ડાઘો પડવાનો નથી. અમે 'જ્ઞાન' આપતાની સાથે જ કહીએ છીએ ને, કે હવે તને આ બધું નહીં અડે. એ નિઃશંક થાય ત્યાર પછી એનું ગાડું ચાલે. તને જો શંકા પડશે તો તને ચોંટશે અને તું નિઃશંક છે તો તને નહીં અડે ! 'દાદા'ની આજ્ઞામાં રહ્યો કે તને નહીં અડે !

મૂળ હકીકતમાં શંકા પાડવા જેવી છે જ નહીં. ખરેખર કશું કરતો જ નથી, આવી 'તું' કોઈ ક્રિયા કરતો જ નથી. આ તો ખાલી ભ્રાંતિ જ છે, આંટી પડી ગયેલી છે. એટલે શુદ્ધાત્મા તે સંજ્ઞા, પોતે શુદ્ધ જ છે, ત્રણેય કાળ શુદ્ધ જ છે, એ સમજાવવા માટે છે. માટે એ સંજ્ઞામાં રહેવાય એટલે પછી મજબૂત થઈ જાય. ત્યાર પછી 'કેવળજ્ઞાન સ્વરૂપ' આપણું !

બાકી, 'દરઅસલ આત્મા' તો 'કેવળજ્ઞાન સ્વરૂપી' જ છે. એટલે અમારામાં ને તમારામાં ફેર શો ? 'અમે' 'કેવળજ્ઞાન સ્વરૂપે' રહીએ છીએ અને 'તમે' (મહાત્માઓ) શુદ્ધાત્મા તરીકે રહો છો. તમને મૂળ આત્માની જે શંકા હતી તે જતી રહી, એટલે બીજી શંકાઓ જતી રહે. પણ છતાંય મહીં બુદ્ધિશાળી માણસોને મૂળ સ્વભાવ એ હોય ને, તો

ફરી શંકા ઊભી થઈ જાય. આત્મા સંબંધી શંકા જાય તો જાણવું કે મોક્ષ થઈ ગયો. 'આત્મા આ જ છે' એવી આપણા મનમાં ખાતરી થઈ ગઈ કે બધું કામ થઈ ગયું !

## તીર્થંકરોએ આત્મા જાણ્યો તે જ્ઞાનીએ જોયો

**પ્રશ્નકર્તા :** એક આપ્તસૂત્ર એવું છે કે મેં તમને જે આત્મા આપ્યો છે એ આત્મા તીર્થંકરોએ જાણ્યો છે, એ મેં મારા દર્શનમાં જોયેલો છે.

**દાદાશ્રી :** આ તો તીર્થંકરોને ધન્ય છે કે એમની શું ઊંડી શોધખોળો છે ! એમાંથી એમણે આત્મા ખોળી કાઢ્યો એ અજાયબી છે ! દેહમાં આત્મા ખોળી કાઢવો, તે સાવ છૂટો એટલે મોટી અજાયબી જ કહેવાય ને ! અને તે મેં જોયો પાછો. સાવ છૂટો આત્મા મેં જોયો. તીર્થંકરોએ જે આત્મા જાણ્યો છે, તીર્થંકરોએ જે પરમાત્મા જાણ્યો છે, એ મેં જોયો છે. અને બીજા લોકો વર્ણવી શક્યા નહીં. બીજા લોકો કોઈ પણ જ્ઞાન જોઈ શકે એવી સ્થિતિમાં નથી.

**પ્રશ્નકર્તા :** એનું શું કારણ, દાદા ?

**દાદાશ્રી :** એ બહુ ઊંચું પદ છે. મોક્ષ તો બધાનો થશે, પણ એ પદ જે, આ જે મૂળ આત્મા જોયો છે, એ બહુ ઊંચું પદ છે. એબ્સૉલ્યૂટ જોવાનો. શુદ્ધાત્મા એ એબ્સૉલ્યૂટ આત્મા નથી.

**પ્રશ્નકર્તા :** આત્મા તો એ જોઈ શકે ને ? મોક્ષે જતા પહેલા તો એની સ્થિતિ આવવી જોઈએ ને ?

**દાદાશ્રી :** એ તો આવી જાય. એનો સ્વભાવ જ એવો છે કે કોઈને કહી ના શકે, પોતે જોઈ શકે, સમજી શકે પણ કોઈને કહી ના શકે. તીર્થંકરો કહી શકે, ત્યારે વીતરાગ હોય એ. આ અમારે એકલાને જ ભાગ આવ્યું છે !

**પ્રશ્નકર્તા :** પણ એ જાતનું વીતરાગપણું બીજાને શું લાભદાયી ?

**દાદાશ્રી :** એ લાભદાયી થાવ કે ના થાવ, એ એમનો દર્શનનો લાભ છે, ખાલી દર્શન જ. એ દર્શન મારી પાસે નથી. એમના જે દર્શન કરવા અને આ દર્શનમાં બહુ ફેર ! મેં તો એમણે જે આત્મા જાણ્યો છે તે જ આત્મા મેં જોયો છે. એટલું મારી પાસે છે. બાકી દર્શન તો એમનું, ઓર જ જાતનું ! તમે તે દર્શન કરો તો તમને મોક્ષ ત્યાં ને ત્યાં જ થઈ જાય. પાછું ત્યાંથી પછી આગળ મોક્ષે જવું જ ના પડે, તેથી આ જ્ઞાન આપું છું ને ! હું તમને છતી દૃષ્ટિ કરી આપું, મશીન ફેરવી આપું, પછી આવતા ભવમાં છે તે તીર્થંકર ભેગા થઈ જવાના કે મોક્ષ થઈ ગયો તમારો. એ નિમિત્ત છે છેલ્લું. આ તો લોકોને લાભ કેમ થાય છે કે આ જે મેં આત્મા જોયો છે, એટલે લોકોને લાભ બહુ થાય. એટલે એ વસ્તુસ્થિતિનો લાભ થાય. અમથો અડી જશે તોયે લાભ થાય !

**પ્રશ્નકર્તા :** તમે જોયો કહો એટલે અમારા માટે તો શ્રદ્ધાની વસ્તુ ઊભી થઈ ને ? નિઃશંક થવાય ને, નહીં તો કોઈ કહે નહીં કે અમે જોયો !

**દાદાશ્રી :** કોઈ કહી શકે નહીં.

**પ્રશ્નકર્તા :** હવે આ જોયો કહેનાર કોઈ મળે ?

**દાદાશ્રી :** જોયો કહેનાર હોય નહીં અને જોયો કહેનાર હોય તો તીર્થંકર હોય કે કાં તો તીર્થંકરના નજીકના હોય.

## અનંત અવતારનું પૃથક્કરણ

આ તો બધી મેં પૃથક્કરણ કરેલી વસ્તુઓ છે, ને તે આ એક અવતારની નથી. એક અવતારમાં તો આટલા બધા પૃથક્કરણ થાય ? એંસી વર્ષમાં

કેટલાક પૃથક્કરણ થાય તે ? આ તો કેટલાય અવતારનું પૃથક્કરણ છે, તે બધું આજે હાજર થાય છે.

**પ્રશ્નકર્તા :** આટલા બધા અવતારોનું પૃથક્કરણ એ અત્યારે ભેગું થઈ કેવી રીતે હાજર થાય ?

**દાદાશ્રી :** આવરણ તૂટ્યું એટલે. મહીં જ્ઞાન તો છે જ બધું. આવરણ તૂટવું જોઈએ ને ? સિલકમાં જ્ઞાન તો છે જ, પણ આવરણ તૂટે એટલે પ્રગટ થઈ જાય !

બધા જ ફેઝીઝ(અવસ્થાઓ)નું જ્ઞાન મેં ખોળી કાઢેલું. દરેક 'ફેઝીઝ'માંથી હું પસાર થયેલો છું અને દરેક 'ફેઝ'નો 'એન્ડ' મેં લાવી નાખેલો છે. ત્યાર પછી 'જ્ઞાન' થયેલું છે આ.

ચંદ્રના કેટલા 'ફેઝ' ? આખા પંદર 'ફેઝ.' તે પંદર 'ફેઝ'માં તો આખા જગતને અનંતકાળથી રમાડે છે ! 'ફેઝ' આખા પંદર અને આખા જગતને અનંતકાળથી રમાડ રમાડ કરે ! એનો એ જ ચંદ્રમા આજે ત્રીજ કહેવાય છે એટલું જ છે. જગતના લોક ત્રીજ કહે છે, પણ ચંદ્રમા તેનો તે જ છે. અને પાછો ચંદ્રમા શું કહેશે ? 'હું ત્રીજ છું, હું ત્રીજ છું. ત્યારે જગતના લોકો બહાર નીકળીને કહે, 'શું બોલ બોલ કરે છે તે ? કાલે ચોથ નથી થવાની ? ગઈ કાલે બીજ હતી. બોલ બોલ શું કરે છે તે ?' ચંદ્રમા તેનો તે જ છે. આ બીજ, ત્રીજ, ચોથ, પાંચમ થયા જ કરવાની ! અને એની પરેય લોક શંકા કરે. 'ન હોય આ ત્રીજ, આ તો બીજ છે' કહે. ત્યારે પેલો કહે, 'ત્રીજ છે. આની પરેય શંકા કરે છે કે આ બીજ છે?' લે ! શંકાને કંઈ ખોળવા જવાનું છે ? તેથી તો દુઃખી છે બધા. લોકો દુઃખી છે, એનું કારણ જ શંકા છે. નર્યું દુઃખ, દુઃખ ને દુઃખ જ છે. આ વાત તેથી હું સમજવાનું કહું છું ને, કે સમજો, સમજો, સમજો !

આ ચંદ્રમા બીજ, ત્રીજ... પૂનમ દેખાય છે તે શું છે ? એ એના 'ફેઝીઝ' છે ! ચંદ્ર તો તેનો તે જ છે ! એવું તમે આત્મા છો ને બીજું બધું 'ફેઝીઝ' છે. આ 'ફેઝીઝ' છે તે લોકો માટે છે કે આ ચંદુભાઈ છે. ચંદ્ર કંઈ બીજ થયો ? એ કંઈ કપાયો ? એ તો ચંદ્ર જ છે ! આ તો ફેઝીઝ ઑફ ધ મૂન, એવા ફેઝીઝ ઑફ ધ મેન છે ! બધા 'ફેઝીઝ' સમજવા જેવા છે. જગતના તમામ 'ફેઝીઝ' મારી પાસે આવેલા છે. એવું એક 'ફેઝ' બાકી નથી કે જેમાંથી હું પસાર ના થયો હોઉં ! દરેક અવતારના 'ફેઝીઝ' મને ખ્યાલમાં છે અને દરેક 'ફેઝ'ના અનુભવવાળી આ વાત છે.

## અનુભવી વીતરાગોની ગુહ્ય શોધખોળ

આ વીતરાગોના 'સાયન્સ'ની બહુ ઊંચી શોધખોળ છે ! કેવું ગૂઢાર્થ ! અત્યંત ગુહ્ય ! આ 'રિયલ' ને આ 'રિલેટિવ' એનો ભેદ પાડવો, તે 'જ્ઞાની પુરુષ' સિવાય બીજા કોઈનું કામ જ નહીં ને ! રિયલને જાણે તે 'જ્ઞાની' ! પણ રિયલના અંગે જે બધું જાણે તે 'અનુભવી જ્ઞાની' !

વીતરાગોનું એક જ વાક્ય સમજે તો ઉકેલ આવે ! પુદ્ગલમાં જ ક્રિયા છે, આત્મામાં કોઈ ક્રિયા નથી. જગતને અહીં જ ભ્રાંતિ પડી જાય છે કે શી રીતે આ ચાલે છે ? જગત જેને આત્મા માને છે ત્યાં આત્માનો એક અંશ નથી. આત્મા તો 'જ્ઞાની'ઓએ જુદો જોયો છે, જુદો જાણ્યો છે, જુદો અનુભવ્યો છે ! આ તો 'અક્રમ વિજ્ઞાન'થી બધું ખુલ્લું થઈ ગયું છે ! 'મેં' જે 'આત્મા' જોયો છે તે 'આના' જેવો જોયો છે, જે કશું જ કામ ના કરે એવો. અને એની હાજરીથી અહીં બધી ક્રિયાઓ ચાલ્યા કરે ! અહંકારનો અમલ ઊતરે તો આત્માનો અનુભવ થાય. આત્મા માન્યો મનાય તેવો નથી. જેમ આ પુદ્ગલ અનુભવમાં આવે તેવું છે તેમ આત્મા અનુભવમાં આવે તેવો છે !

આત્મા એ 'જ્ઞાન સ્વરૂપ' જ છે, બીજી કોઈ વસ્તુ નથી. આ દીવાનો પ્રકાશ જડ છે, પણ એને કાપીએ તો એ કપાઈ જાય ? આત્માનો પ્રકાશ તો ઓર જ છે ! ભઠ્ઠી સળગાવીએ તોય એ જ્ઞાનને અડે નહીં એટલું બધું એ સૂક્ષ્મ છે ! આ અગ્નિનો ભડકો એ સ્થૂળ છે, આત્માની અપેક્ષાએ. આત્મા તો એટલો બધો સૂક્ષ્મ છે કે એને આ કશી અસર જ ના થાય અને તે જ પરમાત્મા છે ! પરમાત્મા છે ? પરમાત્મા છે જ અને તે તમારી પાસે જ છે. બહાર ક્યાં ખોળો છો ? પણ કોઈ આપણને એ દરવાજો ખોલી આપે તો દર્શન કરીએ ને ? એ દરવાજો એવો વસાઈ ગયેલો છે કે કોઈ દહાડો પોતાથી ખોલાય એવો છે જ નહીં. એ તો પોતે તર્યા હોય એવા તરણતારણહાર 'જ્ઞાની પુરુષ'નું જ કામ છે !

આત્મા નિરંતર જુદો છે, દેહથી નિરંતર જુદો જ રહે એવો છે, એવું ભાન થાય ત્યારથી જ પરમાત્મા છે ! જ્યાં સુધી પૂર્ણ પરમાત્માનો અનુભવ ના થાય, સચ્ચી આઝાદી ના થાય, ત્યાં સુધી અટકવું ના જોઈએ.

## અક્રમમાં જ્ઞાની કૃપાથી 'નિઃશંક આત્મા'

**પ્રશ્નકર્તા :** ખૂબી એ છે કે આપના શબ્દો જે નીકળે છે, તે 'એક્ઝેક્ટ' 'એને' મહીં અડે છે, એ રોગ ઉખડે છે, દૃષ્ટિ ફેરવે છે, ને અંદર 'એક્ઝેક્ટ' ક્રિયાકારી થતું દેખાય, બહુ વૈજ્ઞાનિક લાગે બધું !

**દાદાશ્રી :** વાત બધી વૈજ્ઞાનિક હોય તો જ લોકોને નિવેડો આવે ને, નહીં તો નિવેડો જ ના આવે ને !

''મારગ સાચા મિલ ગયા, છૂટ ગયા સંદેહ.''

સંદેહ છૂટી ગયા, સાચો માર્ગ તો મળી ગયો. ભૂલા પડ્યા હશે તો ફરી એક માઈલ ચાલવું પડશે. બીજું શું કરવું પડશે ? પણ જેને જવું છે તેને જડી આવશે. 'દાદા'ને પૂછવું કે ભૂલા પડ્યા છે કે સાચે રસ્તે છે ? એટલું પૂછવું. 'મારું જ્ઞાન કેવું છે' એવું ના પૂછવું. 'ભૂલો પડેલો છું કે સાચા રસ્તે છું ?' એટલું જ પૂછવું. દાદા કહે, 'બરોબર છે રસ્તો' ત્યારે પછી ચાલ્યા જવું. દાદા ચાલે ને એની પાછળ પાછળ પૂંઠે પૂંઠે વહ્યા જવાનું છે. સમજણ પડે તોયે અને ના સમજણ પડે તોયે ! બિલકુલ ના દેખાય તો હાથ ઝાલીને પણ પાછળ હેંડ હેંડ કરવાનું છે. પણ મોક્ષમાર્ગ તો બહુ વિકરાળ પંથ છે. આ તો અક્રમ છે એટલે લિફ્ટ જેવો સરળ ને સુંવાળો, રેશમ જેવો લાગે છે. પૂંઠે પૂંઠે વહી જવું એટલું આવડવું જોઈએ. આવું નહીં બનેલું ને ! આત્મા સંબંધી નિઃશંક કોઈ થઈ શકેલો જ નહીં. જો એક પણ શંકા રહે તો એ મોક્ષનો માર્ગ ના પામી શકે. મારી તો શંકા જતી રહી છે પણ તમારીય શંકાઓ જતી રહી છે. નિઃશંક થઈને બેઠા છો. નિઃશંક 'હું શુદ્ધાત્મા જ છું' એવું બોલો. એમાં જરાય શંકા રહી નથી. આ અમે એક-એક શબ્દ બોલીએ છીએ, તે પ્રત્યેક શબ્દમાં નિઃશંક છીએ.

**પ્રશ્નકર્તા :** જ્ઞાનીના શબ્દની અંદર આ ચેતનાનો સંગ છે માટે નિઃશંક થવાય છે ?

**દાદાશ્રી :** હા, તો જ થાય ને ! નહીં તો થવાય કેવી રીતે ? એમનું વચનબળ છે અને સજીવન થયેલી છે વાણી.

**પ્રશ્નકર્તા :** હા, એનો સંગ છે. કાલે કહ્યું ને, અલૌકિકની મહોર છે.

**દાદાશ્રી :** હા, અલૌકિકની મહોર !

**પ્રશ્નકર્તા :** એનો સંગ છે એટલે નિઃશંક થાય છે.

## 'આજ્ઞા'માં રહી કામ કાઢી લો

આ નિઃશંક થયા, હવે આજ્ઞામાં રહો.

ઘેડપણ કાઢી નાખો. આ દેહ જતો રહે તો ભલે જતો રહે, કાન કાપી લે તો કાપી લે, પુદ્ગલ નાખી દેવાનું જ છે. પુદ્ગલ પારકું છે. પારકી વસ્તુ આપણી પાસે રહેવાની નથી. એ તો એનો ટાઈમ હશે, વ્યવસ્થિતનો ટાઈમ હશે, તે દહાડે જ્યારે હો ત્યારે લઈ લે. ભય રાખવાનો નહીં. આપણે કહીએ, 'લઈ લો', તેથી કોઈ લેનારું નવરું નથી. પણ તે આપણામાં નિર્ભયતા રાખે. 'જે થવું હોય તે થાવ', કહીએ.

એવું છે, આ ચંદુભાઈ નામનો દેહ, આપણને મહામિત્ર સમાન થઈ પડ્યો છે કે આ દેહે આપણે અક્રમ જ્ઞાનીને ઓળખ્યા અને અક્રમ જ્ઞાન આપણને પ્રાપ્ત થયું અને તે અનુભવમાં સિદ્ધ થયું. માટે હવે આ દેહને કહીએ, કે 'હે મિત્ર, તારે જે દવા કરવી હશે તે હું કરીશ. અગર તો હિંસક દવા હશે તો તેય કરીને પણ તું રહે.' એવી આપણી ભાવના હોવી જોઈએ. આ દેહ જ નહીં પણ એવા બધા બહુ દેહ ગયા બળ્યા, બધાય દેહ નકામા ગયા ને ! અનંત અવતાર દેહ નકામા ગયા. પણ આ દેહે તો આપણને યથાર્થ ફળ દેખાડ્યું ને ! અને ચંદુભાઈના નામ પર દેખાડ્યું ને ! માટે આ દેહ સાચવજો અને હવે કામ કાઢી લો.

'વર્લ્ડ'માંય કોઈ માણસ આત્મા સંબંધી નિઃશંક એટલે શંકા રહિત થયેલો નહીં. જો નિઃશંક થયો હોત તો એનો ઉકેલ આવી જાત અને બીજા પાંચ જણનો ઉકેલ લાવી આપત. આ તો લોકોયે ભટક્યા અને એય ભટકે છે. સમુદ્ર જેવો અજ્ઞાન સંસાર છે ! અને એમાં જન્મે છે ને મરે છે ! તેમાં 'નિશ્ચય સ્વરૂપ' પોતાનું સમજી જાય તો કામ થઈ જાય ! આત્મસ્વરૂપને જાણવાનું છે, એ નક્કી કરવાનું છે. જાણવું તો પડશે ને ? એમ ને એમ ગપ્પેગપ્પાં બોલીએ કે 'હું આત્મા છું, હું આત્મા છું', એમાં કંઈ વળે નહીં. આત્મા અનુભવમાં આવવો જોઈએ, ત્યાં સુધી આ સંસારની ઉપાધિ જાય નહીં ને !

હું જુદો ને આત્મા જુદો એમ મેળ પડે નહીં ને કોઈ દહાડો ! 'હું જ આત્મા છું' એવું ભાન થાય ત્યારે મેળ પડે. મહીં આત્મા બેઠો છે, તે બધું આપવા તૈયાર છે. પણ એને ઘડીવાર એવી શ્રદ્ધા નથી બેઠી કે મને વાંધો નહીં આવે. જો શ્રદ્ધા બેસે તો વાંધો આવતો જ નથી. આ તો કોના જેવી વાત ? પૂજારી કહે, 'ભગવાન સૂઈ ગયા.' તે સૂઈ જાય ! ને હિંમત જતી રહે બધી ! મહીં ભગવાન નિરંતર જાગૃતપણે બેઠેલા છે ! જે શક્તિઓ જોઈએ, તે માગવાથી મળે તેમ છે !

## નિઃશંકતા - નિર્ભયતા - નિઃસંગતા - મોક્ષ

માનવજીવનનો સાર એટલો જ છે કે પોતે પોતાના 'સ્વરૂપ'માં, ભાનમાં આવી અને 'સ્વરૂપ'માં જ રહેવું. 'પોતાના સ્વરૂપ'નું ભાન થયું એટલે થઈ ગયું, ખલાસ થઈ ગયું ! અને પોતાના સ્વરૂપમાં નિઃશંક બન્યો. કેવું ?

**પ્રશ્નકર્તા :** નિઃશંક બન્યો પોતાના સ્વરૂપમાં.

**દાદાશ્રી :** શંકા રહિત. કોઈ કાળેય કોઈ જીવ સ્વરૂપમાં શંકા રહિત બનેલો જ નહીં. આમ હશે કે તેવો હશે ? આત્મા આવો હશે કે તેવો હશે ? એવો હશે કે તેવો હશે ? તેમાં જ પડેલું આખું જગત, બાવા-બાવલી, સાધુ-સંન્યાસીઓય. આ તો હું જ્ઞાન આપું છું ને, તે બધી આખી પાર્લામેન્ટ એકામત-એકાજત સહી કરે છે. નહીં તો મહીં બોલ્યા વગર રહે નહીં. પેલી બુદ્ધિ બોલે, બીજું બોલે, ચિત્ત બોલે, બધા બૂમાબૂમ કરી મેલે. પણ આ એકામત-એકાજત થાય છે. એટલે નિઃશંક થાય છે. શંકા રહિત પોતાનું સ્વરૂપ, નિઃશંક. અને આ નિઃશંકતાથી નિર્ભયતા ઉત્પન્ન થાય છે. અને નિર્ભયતાથી અસંગતા ઉત્પન્ન થાય છે. અને એ

અસંગતા એ જ મોક્ષ છે. અસંગ જ છે આત્મા. પછી પોતે અસંગ સ્વરૂપે રહી શકે. કૃપાળુદેવે આ બહુ ઝીણવટથી લખ્યું છે. અને આપણા જે શાસ્ત્રો છે એ લાંબા છે, એનો પાર આવે એવો નથી. આ કૃપાળુદેવે બહુ લાંબું ચિતર્યું નહીં, ટૂંકામાં અને શૉર્ટ કટમાં સમજણ પાડી દીધી. પણ કૃપાળુદેવનું સમજ્યા છે તોય આત્મા જાણ્યા વગર છૂટકો નથી. આત્મા જાણવા માટે આ બધા શાસ્ત્રો લખ્યા છે.

આત્મા સંબંધમાં નિઃશંકતા ઉત્પન્ન થઈ, તો 'વર્લ્ડ'માં કોઈ શક્તિ એને ભયકારી બની શકે નહીં. નિર્ભયતા ! અને નિર્ભયતા ઉત્પન્ન થાય એટલે સંગમાં રહેવા છતાં નિઃસંગ રહેવાય. ભયંકર સંગોમાં રહેવા છતાંય નિઃસંગતા હોય, એવું આ કૃપાળુદેવ કહેવા માગે છે. આત્મા આ છે એવું નક્કી થયું. નક્કી એટલે મહીં મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર બધા એક અવાજે નક્કી થાય. કોઈ વાંધો, શંકા, આશંકા, કુશંકા ઉઠાવે નહીં, ત્યારે જાણવું ક્ષાયક સમકિત થઈ ગયું. એવું થઈ ગયું તમને. મહીં કોઈ શંકા-બંકા ઉઠાવે છે હવે ?

**પ્રશ્નકર્તા :** ના, હવે નથી. હવે ખાસ નથી કંઈ.

**દાદાશ્રી :** કોઈ શંકા જ ના ઉઠાવે ને નિઃશંકપણું થાય. નિઃશંક આત્મા જાણ્યો અને એ નિઃશંકતાથી નિર્ભયતા ઉત્પન્ન થાય છે અને તે નિર્ભયતાથી નિઃસંગતા થાય છે.

**પ્રશ્નકર્તા :** હા, નિઃસંગતા !

**દાદાશ્રી :** બીજી વાત જ નહીં ને ! એ નિઃશંકતાથી નિર્ભયતા રહે, નિરંતર નિર્ભયતા રહે અને તેથી અસંગ રહી શકે. તેનું ફળ અસંગ જ છે. કૃપાળુદેવે કેવું સરસ લખ્યું વાક્ય ! નહીં ? નિર્ભયતાથી નિઃસંગતા, એટલે અસંગતા.

**પ્રશ્નકર્તા :** હવે આમાં તમે જે કહો, એના કાર્ય-કારણ જાણવાની હવે જરૂર નથી.

**દાદાશ્રી :** કારણ જાણવાનું ક્યાં રહ્યું તે ? અત્યાર સુધી કારણો જાણવા સારું જ, શંકા-શંકા, આમ હશે કે તેમ હશે, આમ હશે કે તેમ હશે, આમ હશે કે તેમ હશે ? અત્યારે નિઃશંક થઈ ગયા, અને નિઃશંકતાથી નિર્ભય થાય, નિઃસંગ-અસંગ થાય છે. અને તેથી વીતરાગતા થાય છે. પછી શું જોઈએ ? આથી વધારે જોઈએ ? નિઃશંક થયો. જગતમાં એક માણસ નિઃશંક ખોળવો એ મહા મહા વસમી વસ્તુ છે. આત્મા સંબંધમાં નિઃશંકતા ઉત્પન્ન થાય એટલે નિર્ભય થઈ ગયો.

## અસંગતા એ જ આત્માનું સ્વરૂપ

અક્રમ વિજ્ઞાન એક કલાકમાં તો કેટલું બધું મોટું ફળ આપી દે છે ! કરોડો અવતારે જે કામ ના થાય, તે એક કલાકમાં કામ થાય છે ! એ ઉપરથી આપણે સમજી જવાનું કે હવે શૉર્ટ કટમાં આવી ગયા છીએ. માટે કામ કાઢી લો. શું કરવાનું ? આ એક અવતાર કામ કાઢી લેવા માટે કાઢવો. બીજા કંઈ અવતાર બગાડવાના નથી.

**પ્રશ્નકર્તા :** બરાબર, હા જી.

**દાદાશ્રી :** અને પોતાનો આત્મા હઉ કબૂલ કરે, કે 'થઈ ગયું હવે.' અને નિઃશંક થઈ ગયા. નિઃશંકતાથી નિર્ભયતા ઉત્પન્ન થાય. નિર્ભયતાથી અસંગતા ઉત્પન્ન થાય. અસંગતા એ જ આત્માનું સ્વરૂપ છે.

## 'હું ચંદુ નહીં, હું શુદ્ધાત્મા' એ થાય અસંગ

અસંગ એટલે 'હું શુદ્ધાત્મા', એના સિવાય બીજું ભાન નહીં. પોતે અસંગ એવો શુદ્ધાત્મા છે. હું અસંગ જ છું, નિર્લેપ જ છું. પેલી રોંગ માન્યતા તૂટી ગઈ એટલે ગયું. એ રોંગ માન્યતા હતી. તેથી

તો લોક કહે, 'હું અસંગ કેવી રીતે કહેવાઉ ?' એમ ના કહે લોકો ? અને તમને તો પોતાને સમજાય કે આ રોંગ માન્યતા તૂટી. 'હું ચંદુભાઈ છું' એ આપણને બીજા પદમાં ભ્રાંતિ પડી હતી. પણ હવે જેટલું અવળું આરાધન કરેલું, તેટલું ફરી સવળું કરો તો છૂટે. એટલે સવળું થઈ જાય. આ જેટલા અવળે રસ્તે ચાલ્યા એટલા પાછા ફરવું પડે.

'હું શુદ્ધાત્મા છું' તે જ અસંગપણાનું લક્ષ છે. જ્ઞાનનું ફળ વિરતિ છે. અસંગપણું એ જ વિરતિ છે. આત્મા પ્રાપ્ત થાય તો જ સર્વસંગ પરિત્યાગ થાય.

તમને આત્મા આપ્યો છે. તમને પોતાનું સ્વરૂપ, સર્વ સંગથી રહિત માત્ર આત્મા આપ્યો છે. કોઈ સંગ એને અડે નહીં, અને જો સંગ અડે તો આત્મા કોઈ દહાડોયે આત્મવત્ થાય નહીં. એ સંગથી અસંગ બનાવ્યા પછી તો આ જ્ઞાન તમને પરિણામ પામ્યું છે. નહીં તો પામે નહીં ને ! હવે નિશ્ચયથી અસંગ છો, એટલે અસંગ થઈ ગયા છો, નિશ્ચયથી. વ્યવહારના લોકોય બોલે પણ તે ના ચાલે. તમારે તો અસંગ સ્વરૂપનું લક્ષ રહે છે જાતે. લક્ષ એટલે શું ? આત્મધ્યાન કહેવાય. પહેલું 'હું ચંદુભાઈ છું' એવું ધ્યાન હતું, હવે 'શુદ્ધાત્મા છું' ધ્યાનમાં આવ્યું. આ 'હું શુદ્ધાત્મા છું' ધ્યાનમાં અમુક ભાગ તો ઘણો ખરો શુદ્ધાત્મા ધ્યાનમાં જાય. બહુ ફાઈલો હોય તો જરાક ચૂકી જાય, પણ તોયે ધ્યાનમાં શું છે ? શુદ્ધાત્મા. એ શુક્લધ્યાન છે, અસંગ સ્વરૂપ છે. આથી મોટું પદ વર્લ્ડમાં કોઈ ન હોય. આ તો અવિરતિપદ છે. માટે સાચવવાનું એટલું જ કે આપણે અવિરતિપદમાં આવ્યા છીએ, એટલે આ બધાનો નિકાલ તો કરવો પડશે ને ? અમારી આજ્ઞામાં રહે એટલો ઉકેલ થઈ જાય.

## 'શુદ્ધાત્માના લક્ષે' પુરુષાર્થ પોતાના હાથમાં

આ જ્ઞાન મળ્યા પછી માણસ શ્રેણી માંડી શકે, નહીં તો શ્રેણી જ માંડી શકે નહીં ને ! આ આખા સંસારસમુદ્રમાં 'હું શુદ્ધાત્મા છું' કહ્યું, એટલો એનો એક પગ નીચે પડ્યો. સમુદ્રમાં એક પગ નીચે ગોઠવાયો. તે આપણે શુદ્ધાત્મા, આ જ્ઞાનના લક્ષવાળા ! આ બહાર શુદ્ધાત્મા બોલે તો પગ નીચે ગોઠવાયો નથી. આ તો આખા સંસારસમુદ્રમાં પગ જ કોઈ જગ્યાએ ગોઠવાય નહીં, એટલી ઊંડાઈ જ નહોતી આવતી. જ્યાં પગ નીચે ગોઠવવા જાય તો પાણી, પાણી ને પાણી. આ પગ ગોઠવાયો, શ્રેણી મંડાઈ. પગ ગોઠવાય એટલે થાક્યા હોય તોયે મનમાં હાશ રહે. એક પગે ઊભા રહે, પછી ધીમે ધીમે બીજો પગ ગોઠવીએ પણ એક ગોઠવાવો જોઈએ. તે આ પગ ગોઠવાયો, એટલે પુરુષાર્થ ચાલુ થયો, નહીં તો પુરુષાર્થ પોતાના હાથમાં જ નહીં ને !

હવે તમે શુદ્ધાત્મા થઈ ગયા એટલે પ્રતીતિથી નિર્લેપ જ થઈ ગયા, અસંગ જ થઈ ગયા. પોતે આ દેહથી અસંગ જ છે. આ જ્ઞાન આપ્યા પછી તું એક ક્ષણ લેપાયમાન થયો નથી. નિર્લેપ જ રહ્યો છે, અસંગી જ રહ્યો છે. પણ જેમ પરિચય વધતો જશે, તેમ ફોડ પડતો જશે. રાતે ઊઠ્યા પછી તરત 'શુદ્ધાત્મા છું'નું લક્ષ આવ્યું તો જગત આખાની વિસ્મૃતિ હતી, નહીં તો રાતે બધા પ્રકારનું ભાન જતું રહે છે. પણ શુદ્ધાત્મા પહેલા યાદ આવ્યો એટલે શુદ્ધાત્માના ભાનમાં આવી ગયા.

## નિઃશંક થયા શુદ્ધાત્મ લક્ષે

હવે તમારું શુદ્ધાત્માપદ ક્યારેય લેપાયમાન ના થાય એવું છે, ને ચંચળતા અડે નહીં. કારણ કે લક્ષ બેઠું છે. નિર્લેપ, અચળ આત્મા પ્રાપ્ત થાય તો જ લક્ષ બેસે.

'હું શુદ્ધાત્મા છું' એનું લક્ષ એ કેવળદર્શન છે. કેવળદર્શન એટલે સમજમાં બેસી ગયું બધું. કેટલાકને ઊંડાણથી સમજમાં ના બેઠું હોય પણ

'હું શુદ્ધાત્મા છું' એ ખરેખર બેસી ગયું, એને કેવળ સમજ કહે છે. અહીં આપણને શુદ્ધાત્માનું લક્ષ રહે એટલે લાગે કે શુદ્ધાત્મા જેવું કંઈક છે એ કેવળદર્શન, એ જ ક્ષાયક સમકિત. એનું ફળ શું? આકુળતા-વ્યાકુળતા મટે ને નિરાકુળતા રહે.

એટલે હવે શંકા ગઈ. 'હું શુદ્ધાત્મા છું' નિઃશંક પદ છે અને નિઃશંક પદને ભગવાને ક્ષાયક સમકિત કહ્યું. નિઃશંક પદ જ્યાં સુધી ઉત્પન્ન થાય નહીં ત્યાં આગળ ક્ષાયક સમકિત કહેવાય નહીં. ક્ષાયક સમકિતને ભગવાને કેવળદર્શન કહ્યું. હવે કેવળજ્ઞાનના અંશો આપણે સમજી સમજીને પ્રાપ્ત કરવાના છે. ત્રણસો સાંઈઠ થતા થતા બધું સમજવાનું છે. જેટલું સમજાય એટલું સમાઈ જવાય પાછું.

**આત્મા માટે નિઃશંક એ જ 'કેવળજ્ઞાન'**

જગતમાં ઉપાદાન બધા બહુ જાતના છે. પણ છેલ્લામાં છેલ્લું ઉપાદાન, મોક્ષનું ઉપાદાન પોતાનું સ્વરૂપ શુદ્ધાત્મા છે ! આ તમને 'શુદ્ધાત્મા' 'અમે' આપ્યો છે તે 'ફર્સ્ટ સ્ટેપ' (પહેલું પગથીયું) છે. એની આગળ તો ઘણું છે. પછી શુદ્ધાત્માનું સ્વરૂપ એના ગુણ સાથે પ્રગટ થાય ! 'શુદ્ધાત્મા' શબ્દ એ તો ખાલી સંજ્ઞા જ છે. એનાથી 'હું શુદ્ધ જ છું, ત્રણે કાળ શુદ્ધ જ છું,' એ સંજ્ઞામાં રહેવાય. શુદ્ધતા માટે નિઃશંકપણું ઉત્પન્ન થાય. ત્યાર પછીનું પદ એટલે 'કેવળ જ્ઞાનસ્વરૂપ' 'આપણું' !

ભગવાને શું કહ્યું છે કે જો આત્મા પ્રાપ્ત કર્યો અને તું નિઃશંક થયો આત્મસંબંધમાં, તો એના જેવું કેવળજ્ઞાન દુનિયામાં હતું નહીં પહેલા. એને જ અમે 'કેવળજ્ઞાન' કહીએ છીએ. તમે તો આત્મા માટે સંપૂર્ણ નિઃશંક થયા એટલે દાદાના આપેલા જ્ઞાનમાં મસ્ત રહો અને એ જ્ઞાન જ આપણે છીએ. આ (ચંદુ એ) આપણું સ્વરૂપ ન્હોય.

આ આપણું સાયન્સ છે ને, તેથી આપણે એમ કહીએ છીએ ને કે હવે તું શુદ્ધાત્મા છું અને સંસારમાં રહ્યો છું, તેની શંકા ના કરીશ. કારણ કે મેં જે તને આપ્યો છે એ શુદ્ધાત્મા કેવો છે ? વીતરાગોએ જોયો છે, જાણ્યો છે, અનુભવ્યો છે, જે કેવળજ્ઞાન સ્વરૂપ છે, જે હું અનુભવી રહ્યો છું અને એ જ મેં તને આપ્યો છે. અને તને આપ્યો છે તે કેવો છે ? ત્યારે કહે છે, મન-વચન-કાયાની તમામ સંગી ક્રિયાઓથી તદ્દન અસંગ છે, બિલકુલ નિરાળો એવો આત્મા છે.

શબ્દથી આત્મા બોલ્યે ના ચાલે. આત્માની પ્રતીતિ બેસવી જોઈએ. પ્રતીતિ એટલે આત્માની નિઃશંકતા, પોતે પોતાને જ ખાતરી થઈ જાય ! શબ્દથી આત્મા જાણે ત્યારથી ફાયદો થવાની શરૂઆત થાય. શાસ્ત્રમાં શબ્દ આત્મા હોય, દરઅસલ આત્મા 'જ્ઞાની'માં છે !

'જ્ઞાની પુરુષ' દેહ સાથે 'આત્મા' થયા છે ! 'જ્ઞાની' એટલે પોતાના સ્વરૂપનું અને સ્વભાવનું જ ચિંતવન થયા કરવું. 'સ્વરૂપ' એટલે 'પોતે કોણ છે' એ ડિસાઈડેડ થવું, અને સ્વભાવ એટલે આત્માના ગુણધર્મ, એમાં જ રહ્યા કરવું એનું નામ 'જ્ઞાની.' 'જ્ઞાની' 'સ્વરૂપ'માં જ રહે નિરંતર, સંસારમાં એક ક્ષણવાર પણ ના હોય ! 'જ્ઞાની પુરુષ' સિવાય કોઈની શંકા જાય નહીં. 'જ્ઞાની પુરુષ' શંકા નિર્મૂળ કરી આપે તો એ નિઃશંક થાય.

હું શુદ્ધાત્મા એટલે શુદ્ધ જ. મને લેપ અડે જ નહીં. સંગ અડે જ નહીં એવો અસંગ. માટે શંકામાં પડશો નહીં કે મને સંગ અડ્યો છે. કારણ કે અસંગીને સંગ કેમ અડે ? છતાં શંકા ઉત્પન્ન થઈ તો ભગવાન શું કહે છે ? તને શંકા પડી એ જ બતાવે છે કે આત્મા હાજર છે. માટે તું નિઃશંક જ છું. એવું આ અવિરોધાભાસ, વીતરાગી વિજ્ઞાન છે.

**- જય સચ્ચિદાનંદ**

## આત્મજ્ઞાની પૂજ્યશ્રી દીપકભાઈના આગામી સત્સંગ કાર્યક્રમો

### સુરત

**૧૦-૧૧ મે** (શુક્ર-શનિ) રાત્રે ૮ થી ૧૧ - **સત્સંગ** તથા **૧૨ મે** (રવિ) રાત્રે ૭-૩૦ થી ૧૧ - **જ્ઞાનવિધિ**

**સ્થળ :** SMC ગ્રાઉન્ડ, અંતરિક્ષ લક્ઝરિયાની પાછળ, લક્ષ્મીકાંત આશ્રમ રોડ, કતારગામ, સુરત.

**૧૪ મે** (મંગળ) સવારે ૯ થી ૧૦-૩૦ - **સુરત ત્રિમંદિર ખાતમુહૂર્ત**

**સ્થળ :** ત્રિમંદિર, દુઃખિયાનો દરબારની આગળ, કેનાલ રોડ, અબ્રામા, સુરત. **સંપર્ક :** ૯૫૭૪૦૦૮૦૦૭

### બારડોલી

**૧૫** (બુધ) **અને ૧૭ મે** (શુક્ર) સાંજે ૭ થી ૧૦ - **આપ્તપુત્ર સત્સંગ**

**૧૬ મે** (ગુરુ) સાંજે ૬-૩૦ થી ૧૦ - **જ્ઞાનવિધિ**

**સ્થળ :** ધી પાટીદાર જીન સાયન્સ કોલેજ ગ્રાઉન્ડ, સ્ટેશન રોડ, બારડોલી, જિ. સુરત. **સંપર્ક :** ૯૪૨૬૮૨૪૦૨૮

### અડાલજ

**૨૨ થી ૨૬ મે** (બુધ થી રવિ) - **PMHT (પેરન્ટ્સ મહાત્મા) શિબિર**

**નોંધ :** ૧) આ શિબિર જ્ઞાન લીધેલ પરિણીત મહાત્માઓ માટે રહેશે. ૨) શિબિરમાં 'પતિ-પત્નીનો દિવ્ય વ્યવહાર', 'મા-બાપ છોકરાંનો વ્યવહાર' અને 'પૈસાના વ્યવહાર' વિષયો પર પૂજ્યશ્રી દ્વારા સત્સંગ થશે. ૩) શિબિરમાં ભાગ લેવા માટે **'AKonnect'** પર રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

### અડાલજમાં અપરિણીત યુવાનો માટે આપ્તપુત્રો સાથે બ્રહ્મચર્ય શિબિર : તા. ૧૪ થી ૧૬ જૂન ૨૦૨૪

**'વિષય-વિકાર અને કુસંગથી કેવી રીતે બચવું', તે માટેની વિશેષ શિબિર**

૨૧ થી ૩૦ વર્ષના આત્મજ્ઞાન લીધેલા, જ્ઞાન લીધાને ૧ વર્ષ થયું હોય એવા કોઈપણ અપરિણીત યુવાનો ભાગ લઈ શકશે. યુવાનો માટે બ્રહ્મચર્ય સત્સંગ જે સેન્ટરમાં ચાલે છે તેમણે પોતાના સેન્ટરમાં અને જ્યાં સેન્ટર નથી તેમણે આ નંબર ઉપર ૯૦૩૩૫૦૧૫૭૧ રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. શિબિર દરમ્યાન મહાત્મા આઈ કાર્ડ જરૂરી છે.

### Atmagnani Pujya Deepakbhai's USA - Canada Schedule - 2024

USA & Canada: +1-877-505-DADA (3232) Email - info@us.dadabhagwan.org

| Date | Event | City |
|---|---|---|
| 21-22 Jun | Satsang - Gnanvidhi | Houston, TX |
| 25-26 Jun | Satsang - Gnanvidhi | Tampa, FL |
| 28-29 Jun | Satsang - Gnanvidhi | Raleigh, NC |
| 6-8 Jul | Satsang - Gnanvidhi | New Jersey |
| 12-13 Jul | Satsang - Gnanvidhi | Toronto, Canada |
| 17-22 Jul | Gurupurnima | Chicago, IL |
| 27-28 Jul | Satsang - Gnanvidhi | Los Angeles, CA |

**ત્રિમંદિરોના સંપર્ક : અડાલજ :** ૯૩૨૮૬૬૧૧૬૬-૭૭; **રાજકોટ :** ૯૯૨૪૩૪૩૪૭૮; **ભુજ** ૯૯૨૪૩૪૫૫૮૮; **ગોધરા :** ૯૭૨૩૭૦૭૭૩૮; **મોરબી :** ૯૯૨૪૩૪૧૧૮૮; **સુરેન્દ્રનગર :** ૯૭૩૭૦૪૮૩૨૨; **અમરેલી :** ૯૯૨૪૩૪૪૪૬૦; **વડોદરા :** ૯૫૭૪૦૦૧૫૫૭; **અંજાર :** ૯૯૨૪૩૪૬૬૨૨ ; **જામનગર :** ૯૯૨૪૩૪૩૬૮૭ ; **જૂનાગઢ :** ૯૯૨૪૩૪૪૪૮૯; **મુંબઈ :** ૯૩૨૩૫૨૮૯૦૧ **ભાવનગર :** ૯૩૧૩૮૮૨૨૮૮ ; **અમદાવાદ (દાદા દર્શન) :** ૯૫૭૪૦૦૧૪૪૫ ; **વડોદરા (દાદા મંદિર) :** ૯૯૨૪૩૪૩૩૩૫

**U.S.A.-Canada:** +1 877-505-3232; **U.K.:** +44 330-111-3232; **Australia :** +61 402179706

## ભાદરણ : અપરિણીત બહેનોની શિબિર : તા. ૧૨ થી ૧૫ માર્ચ ૨૦૨૪




## અડાલજ : સત્સંગ - જ્ઞાનવિધિ : તા. ૧૬-૧૭ માર્ચ ૨૦૨૪



## અડાલજ : પૂજ્ય નીરુમાની ૧૮મી પુણ્યતિથિ : તા. ૧૯ માર્ચ ૨૦૨૪



મે ૨૦૨૪
વર્ષ-૨૯, અંક-૭
સળંગ અંક-૩૪૫

દાદાવાણી

Date Of Publication 1st of Every Month
RNI No. 67543/95
Reg. no. G-GNR-347 valid up to 31-12-2026
Licensed to Post Without Pre-payment
No. PMG/NG/037/2024-2026
Valid up to 31-12-2026
Posted at Gandhinagar SRO
on 1st of every month.

## પોતાને પોતાનું સાચું ભાન થાય તો મુક્ત થાય

અક્રમ વિજ્ઞાન એટલે શું ? આત્મા અને અનાત્માનું વિવરણ થઈ બેઉ જુદા પડી જાય છે. એક આત્મ વિભાગ, એ પોતાનું ક્ષેત્ર છે અને એક અનાત્મ વિભાગ, એ પરક્ષેત્ર છે. એ બે ભાગ જ્યાં સુધી જગત જાણતું નથી, ત્યાં સુધી 'હું ચંદુભાઈ છું' બોલ્યા કરે છે. તે સાપેક્ષ આધારી છે. 'હું ચંદુભાઈ છું' કહીએ તો તે ઊભો રહે. 'હું શુદ્ધાત્મા છું' એવું ભાન થાય, તો 'તમે' આધાર આપવાનું છોડી દો, એટલે તે પડી જ જાય. 'હું ચંદુભાઈ છું' એ વિનાશી છે, તેને 'પોતાની જાત' માની બેઠા છો. તમે 'પોતે' તો સનાતન છો, પણ એ ભાન ઉત્પન્ન થતું નથી. એ ભાન થાય કે થયો મુક્ત !

- દાદાશ્રી

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - ડિમ્પલ મહેતાએ અંબા મલ્ટીપ્રિન્ટ, એસ બી કાપડીયા ન્યુ સ્કૂલની સામે છત્રાલ-પ્રતાપપુરા રોડ, મુ. છત્રાલ, તા. કલોલ, જિ. ગાંધીનગર - ૩૮૨૭૨૯ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.